શ્રીજીનેંદ્રાયનમઃ

માફીપત્ર યાને આલોચના.

સુધારો વધારો કરી લખનાર લીંબડી સંપ્રદાયના પુજ્ય મહારાજ.

શ્રી મોહનલાલજી સ્વામીના શીષ્ય.

મુની મણીલાલજી સ્વામી.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

લક્ષ્મીચંદ જસકરણ ઝવેરી.

પાલણપુર ઠે. છોટી બજાર.

કાપડના વેપારી.

વીર સંવત ૨૪૪૦ સંવત ૧૯૭૦

પ્રથમાવૃતિ પ્રત ૫૦૦.

કિંમત રૂ. ૦-૨-૦

શ્રીજીન્નેંદ્રાયનમ:

માફીપત્ર યાને આલોચના.

સુધારો વધારો કરી લખનાર લીંબડી સંપ્રદાયના પુજ્ય સાહેબ

શ્રી, મોહનલાલજી સ્વામીના શીષ્ય.

મુની મણિલાલજી સ્વામી.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

લક્ષ્મીચંદ જસકરણ ઝવેરી.

પાલણપુર ઠે. છોટી બજાર.

કાપડના વેપારી.

વીર સવત ૨૪૪૦ સવત ૧૯૭૦

પ્રથમા વૃતિ. પ્રત ૫૦૦.

કિંમત રૂ. ૦-૨-૦

અમદાવાદ.

શ્રી 'સત્ય વિજય' પ્રિન્ટીંગ પ્રેસમાં—શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.

પ્રસ્તાવના,

આ માફીપત્ર, યાને આલોચના, નામનું નાનકડું પુસ્તક જનસમાજના પવિત્ર કરકમળમા મુકતાં આજે અતિ આનંદ ઉપજે છે. અને જે પ્રયાસ થોડાદીવસ પ્હેલાં આ પુસ્તકના માટે આરંભેલો હતો તે નિર્વિઘ્નપણે સંપૂર્ણ થએલો જોઈ હું મારી જીંદગીને કૃત્તકૃત્ત માનુ છું.

પ્રાણીમાત્રને કિલામણા ઉપજાવવી તેવુ આ પવિત્ર ધર્મનું ફરમાન નથી. છતાં અજાણપણે અથવા કષાયને વશ થઇ અન્ય પ્રાણીને કિલામણા (શારીરિક કે માનસીક પીડા) ઉપજાવવા કાંઈ પ્રયત્નો કરી આરંભો કર્યા હોય તો વ્રતધારી પુરૂષોએ જરૂર તે ખાતર આલોચના કરવી ઉપયોગી છે.

આલોચના કરનાર મહાશયે પ્રથમ તો મનની શુદ્ધિ કરવી અવશ્યની છે. કેમકે મન વચન અને કાયા એ ત્રણ યોગે કરી, થએલા દરેક ગુન્હાની માફી માગવી જોઇએ. તેમા ખાસ કરીને મન જેવા મહાબળવાન યોદ્ધાને તાબે કર્યા વિના કીધેલી આલોચના, સંપૂર્ણ રીતે ફત્તેહ આપી શકતી નથી. માટે તે યોદ્ધાને તાબે કરવા " મનોનિગ્રહ " કરવો જોઇએ.

મનોનિગ્રહ સભાવી આત્મા થયા શીવાય થઇ શકતો નથી, અને આત્માને સભાવસ્થિતીમાં રાખવા, સભાવનો સંપૂર્ણ લાભ સમજાવવો જોઇએ. સભાવ, ઇંદ્રીયદમન રૂપ મહાતપસ્યા વિના આવી શકતો નથી, ઇંદ્રીયોને દમવી, તે સહેજવાત નથી, મ્હોટા હીમગીરી પર્વતની ટોચ પર ચડવુ સ્હેલ છે, સમશેરની ધારપર નાચવુ સ્હેલુ

છે, પરંતુ ઈંદ્રીઓને દમવી તે મહા મુશ્કેલ છે. સખ્ત મુશ્કેલીયો વચ્ચે ઇંદ્રી દમન થયા પછી સ્વભાવે સંભાવી આત્મા થતો આવે છે. તે થયું એટલે મનોનિગ્રહ સ્હેલાઇથી થઇ શકે છે.

શ્રાવકમાં રત્નસમાન વૃતધારી ગ્રહસ્થોને હજાર ધન્યવાદ છે, કે જેઓએ મહાન્ બારવૃતો અંગીકાર કીધા છે, અને અહોનિશ પોતાના ગ્રહણ કરેલ વૃતની અવ્યાબાધપણે યત્ના પૂર્વક સભાળ લે છે, અને મન-વચન અને-કાયાએ કરી દ્રઢતા પૂર્વક તેને કલંક લાગવા દેતા નથી વળી તે વૃતોને પોતે મોક્ષરૂપ માર્ગમાં વિચરતા ઢાલ રૂપ માને છે. આ મહાન વૃતોને સઇચ્છાએ નહી, પણ પરવશ-પણે ભુલને વશ થઇને દોષ લાગ્યો હોય તો વિધિપૂર્વક દેવ ગુરૂ અને ધર્મની પવિત્ર સાક્ષીએ માફી યાચવી.

આ ઉપરથી એમ તો નથીજ કે વૃત્તધારીઓએજ માફી ઇચ્છિવી પણ દરેક જીજ્ઞાસુ શ્રાવીકા-બાળ યુવાન અને વૃદ્ધ-સર્વે મોક્ષાભિલાષિ જીવોએ પોતાને ક્રોધ-માન-માયા અને લોભના-વશ થઈ કીધેલા પાપો માટે પસ્તાવો કરી, આત્મ ઉદ્ધાર કરવો અવશ્યનો છે.

આ પવિત્ર પુસ્તકમાં સુધારો વધારો કરી આપનાર-મારા પોતાના ધર્મગુરૂ શ્રી મોહનલાલજી સ્વામીના શિષ્ય મુનીમહારાજ શ્રી શ્રી મણિલાલજી સ્વામી કે જેમણે અત્યંત કૃપા કરી ચાલતી સાલમાં પાલણપુર ખાતે ચાતુરમાસ પધારી અમૃતસિંચનરૂપ પોતાની પવિત્રવાણીથી વ્યાખ્યાન દ્વારાએ શ્રી સંઘ ઉપર અમુલ્ય ઉપકાર કર્યો છે; તેવણની પવિત્ર કલમથી આ પુસ્તકમાં ઉપયોગી સુધારો વધારો કરવામાં આવ્યો છે માટે તેઓશ્રીનો આ સ્થળે ઉપકાર જાહેર કરવા રજા લઉં છું.

આ પુસ્તક મારા સ્વર્ગવાસી પુજ્ય પીતાશ્રી **ઝવેરી જશકરણ-ભાઈ તળશીભાઈના** સમરણાર્થે છપાવવામાં આવ્યુ છે.

આ પુસ્તકની અંદર કીમતી સુચના આપનાર કોઠારી મલુક-ચંદભાઈ જશવંતભાઇ તથા ભણુસાળી જીવાભાઇ ઇશ્વરભાઇએ તથા પ્રુફ સુધારવામાં જે જે સદ્ ગ્રહસ્થોએ મદદ આપી છે તે સર્વનો હું આ સ્થળે અંત:કરણ પૂર્વક આભાર માનુ છુ. અસ્તુ.

સંવત ૧૯૭૦ ના ભાદ્રવા વદી ૮ ને રવીવાર

લી૦ લક્ષ્મીચંદ જસકરણ ઝવેરી.

શ્રી જીન્નેદ્રાયનમઃ

માફીપત્ર યાને આલોચના.

માફી માગવા વિષે.

વિભિક્ષણુ વાત વીચારે એહ, (એ રાગ)

અરિહત સિદ્ધ સમરૂ સદારે, આચારજ ઉવજ્ઝાય,
સાધુ સકળ ચરણે નમીરે, માફી માગુ માહારાય,
જીનેશ્વર, મુજ ગુનો કર્યે માફ. (એ ટેક) ૧
અજ્ઞાનમાં અવરાઇને મે, શેવ્યા પાપ અઢાર,
પ્રભુ તુમારી શાખથીરે, છાંડુ હુ સરવે આઢાર. જીને. ૨
સમકિત્ત શુદ્ધ ન શેવીયુરે, જાણ્યો ન જીનવર ધર્મ,
દ્રી લોક સુખ સપદારૂે, એસો ન જાણ્યો મર્મ. જીને. ૩
સ્થાવર સ્થિર ન ઓળખ્યા રે, કીધા કર્મ કરૂર,-
વિલેદ્રિ વીના કારણે રે, મુંઝવી માર્યા જરૂર. જીને. ૪
અતિ આરભને આદરીરે, પ્રાણુ પચેંદ્રિ હરાય,
છેદન ભેદન શસ્ત્રથીરે, હણીને હર્ષે હુ પાય. જીને. ૫
સત્ય મૂકિ અસત્યનેરે, બોલ્યો બુદ્ધિ બનાય,
સ્વારથ સાધવા સર્વનેરે, દુઃખે દુભાવ્યા ભાય. જીને. ૬
આળ કૂડા અતિ આપીયારે, વદિ મર્મ વચન,
સહસાકારી શીઘ્રથીરે, બોલી બાળ્યા બહુ તન. જીને. ૭
છીદ્ર છાના પ્રકાશતારે, દિલે ન આવી દાઝ,

અનેક અવગુણને ગ્રહી હું, તપતપ્યો બહુ બાઝ. જીને. ૮
અણદીધુ અધિકું ગ્રહીરે, કીધો કર્મનો પોષ,
ધિંગાણું કરી ધનનેરે, લાવી ભર્યા લક્ષકોષ. જીને. ૯
રાજ વિરૂદ્ધ ચોરી કરીરે, કપટે કૂડા તોલ,
લેખ ખોટા લખ્યા ઘણા પણ, આપ ધરે નહી પોલ. જીને. ૧૦

અધિક ધનને આપીને રે, વારાંગના વશ્ય કીધ,
મોહ પંકજમાં ખુંચીને મેં, પ્યાલો ઝેરનો પીધ. જીને. ૧૧

ગોપવી ગર્ભ ગળાવીયારે, મંત્ર ઔષધ આપી ક્ષાર,
બુદ્ધિ વિના બાળહણ્યા રે, ઐ ઐ સરજણહાર, જીને. ૧૨

રમણી સંગ રાચ્યા ઘણુંરે, કંદર્પે ક્રીડા કીધ,
લલના સંગે લુબધીરે, પોચ્યો નર્કે પ્રસિદ્ધ, જીને. ૧૩

લોહ તપાવી લલનારે, ચાંપે ચાંપે જમરાય
દુઃખ અતિ મેં એ સહ્યુ રે, કુહાડે કાપતા કાય. જીને. ૧૪
માયાનું માન કર્યું નહી રે, તૃષ્ણાએ ગયો તણાય,
ધન મેળવવા ધ્યાઇયોરે, કપટે કેળવી દાય. જીને. ૧૫

જળ થળ વાટ ન જાણતારે, ઓળઘી અધિકા દેશ,
ઉંચી નિચિ અવનિ વીષેરે, ફર્યો ફક્કડ ઓળી કેશ. જીને. ૧૬
સોગાન છવીસ બોલનારે, ધાર્યો ન ધર્મને પાય,
વપુ પોષવા વેગથીરે, અવગુણ ગ્રહ્યા આઠાય. જીને. ૧૭

ઇંગાલકર્મ આદિ ઘણારે, પનર કર્મ પ્રમાણ,
વિષ શસ્ત્ર લાખતણારે, મુકયા ન મરડી માન. જીને. ૧૮
વન કપાવી વેગથી રે, સોસવ્યાસરના વાર,

દાવાનળ દયા વિના રે, હર્ષથી મુકયા હજાર. જીને ૧૯
મિલ ચિચોડા ઘાણીયોરે, જતુ પીલણુ જાણુ,
હરામી હીશક આગળેરે, પ્રીતે હરાવ્યા પ્રાણુ. જીને. ૨૦
અર્થ વિના જીભ ઓચરીરે, બાંધ્યા બહુળા પાપ,
પ્રભુ હવે પ્રેમ લાયનેરે, કઠીણુ કર્મ મુજ કાપ. જીને ૨૧

સામાયિક શુદ્ધના કરીરે, પાપ હરણુ પોષાય,
દેસાવગાશિક દિવસેરે, કર્યાથી કર્મ કપાય. જીને ૨૨
વ્રત ગ્રહ્યા નહી વેગથીરે, પચ્યી રહ્યો સંસાર,
ધર્મમાં ઢાગજ માન્યો રે. વિકથાનો કરનાર. જીને. ૨૩

ચતુર્થ આહાર ચોંપથીરે, દીધા ન પોતાને હાથ,
સચેત સ ધટે સાચવીરે, પ્રેમે પૈસાભરી બાથ. જીને ૨૪
ભાવના ભાણે બેસીનેરે, ભાવી નહીં ભગવાન,
અતિથિ ભૂલી આધળોરે, હિણુ થયો હુ હેવાન જીને. ૨૫
ક્રોધ માન માયા વસેરે, લોભ અતિ દુ ખદાય,
દ્યુત માંસ દારૂ સગે રે, રાચી રહ્યો જીનરાય. જીને ૨૬
અવગુણુ એથી અપાર છે રે, ગણુતા અધિક આંક,
નિદ્રા, ઇર્ષ્યા ઝેરથીરે, વાળ્યો આડો આંક. જીને. ૨૭
કુરૂણાનિધિ કૃપા કરીરે, ઉતારોને અવની પાર,
હવે તુમારી સાખથીરે, સેવુ ન પાપ અઢાર. જીને. ૨૮
સંવત ઓગણીસીતરેરે, પાલણપુર મોઝાર,
ભાદરવામાં ભાવથીરે, આત્મનો કરવાઓધાર. જીને. ૨૯
પુજ્ય પ્રતાપી માહારારે, સ્વામી મોહનલાલ,
નથુજી સ્વામીના નેહથીરે, કહે મુની **મણિલાલ**. જીને. ૩૦

શ્રી શ્રાવક શ્રાવીકાઓને, સકળપાતિક (પાપ) ટાળવાને અર્થે જન્માદિકથી માંડી, મર્ણાંત સુધીમાં, જ્ઞાન, દર્શન; ચારિત્ર, અને તપ, માંહી જે અતિચારા (ઘરમાં પડેલ કચરા રૂપ) દિક જે દુષ્ટ દોષ લાગવે કરી, કોઈ મૂળ ગુણુ, યા, ઉત્તર ગુણુની વિરાધના થઈ હોય, તેની આલોયણુા (પશ્ચાતાપ–માફી) શુદ્ધ અત:કરણે કરવી, જેમ ઋષી કર્મ કરનાર પુરૂષ પ્રથમ ક્ષેત્રસુધી કરી પછે બીજ કરાવે છે, તો અનાજ પુશ્કળ પાકે છે, પણુ જો ક્ષેત્રશુદ્ધિ કર્યા વિના બીજક વાવે તો મોલ સાલ સારો આવતો નથી, તેમ, પશ્ચાતાપ (માફી) કરનાર પુરૂષ પ્રથમ આત્મ શુદ્ધી કરે તો, પોતામાં જે જે જાતના લાગેલા પાપને પ્રગટ પણે નીહાળી શકે છે, અને જ્યારે પોતાના પાપ પ્રતક્ષ પણે જાણે, તો તે કર્ત્તવ્યથી દુર રહેવા પ્રયત્ન કરે ખરો, અને ફરીને તેવા પાપો નહી કરવા આત્મ ઉપિયોગ જોડે પણુ ખરો, માટે આળોચના કરીને ભવીજીવોએ પ્રથમ આત્મ શુદ્ધિ કરવી

આત્મશુદ્ધિ સ્વરૂપ.

આત્મ શુદ્ધિ માટે એમ વિચારવુ જે, આ માહરો આત્મા, અનાદિકાળથી સસારમાંહી નૃતકાર નટુવાનીપેરે (નાટકીયા માફક) અનેકરૂપ, અનેક છાદે પ્રવર્યો, પણ, જન્મ જરા, મરણુ, રૂપ મહાવેદનાનો પાર આવ્યો નહિ, વલી હે આત્મન્ તુ ત્રસપણે, સ્થાવરપણે અનેક અવતાર લઇ ચુકયો, સ્ત્રી, પુરૂષ. નપુસકપણે, પણુ ઉપન્યો ત્યા કોઇ વખત ધનવત થયો, યા નિર્ધન પણુ થયો, ઉંચ નીચ પણે સૌભાગી દુરભાગી પણે–પશુ. પક્ષી પણે. રૂપવંત, કુરૂપવંત, પણુ થયો, રક, રાજા, પણે–દેવ,દેવીપણે નર્ક નિગોદપણે–

સકળ જીવ સાથે સગપણ નીપજાવ્યા, સકળજીવ સાથે સંબધ કર્યા માતાપણે પિતાપણે. ભાઇપણે, ભાર્યાપણે, બ્હેનપણે-પુત્રપણે-પુત્રીપણે વધુપણે-દાશદાશોપણે મીત્રપણે વેરીપણે શત્રુપણે અનતી અનંતીવાર અવતાર કર્યા જેમાં એસર્વ માહરા અને હુ એહનો, એ મુજ વાહલા એમુજ વેરી. એણી રીતે મમત્વ ભાવે, પરિભ્રમણ કરતા ચૌદરાજ લોકના સ્થાનક અનત પુદગ્લ પ્રાવર્તને કરી ફરશી, આવ્યો, પરતુ સમ્યકત્વ ક્રીયા વિના કશી ગરજ સરી નહી.

તે માટે હે આત્મન હમણા તુજને પૂર્વ પુન્યોદયે કિંચીત્ સુકૃત પ્રગટવે, શ્રી ગુરૂદેવે કૃપા કરી એ વિતરાગનો ધર્મ નીરારંભિ એકાત મોક્ષ સુખને દેવાવાલો પરૂપી બતાવ્યો છે.

હે આત્મન્ પ્રમાદિ ગાફલ, દિન અપરાધી, જડ, મૂઢ અકૃતિ કાંઇ કહવે વીચારી. પારકી નિદ્યા, વિકથા છોડી આત્મ કલ્યાણ કરવુ હોય તો આવી હવે ફરીને જોગવાઇ મળવી દુર્લભ છે. માટે હે આત્મન્ ચેત ચેત

ગાયન.

મનમાયાના કરનારારે—એ રાગ.

ચેત ચેતન તું જોને વિમાસીરે, જરી જોને તું તનમાં તપાસી,
કઇકિ કીધાતે કરથી રાખરાશીરે, નાશ દેહનો છે દેવ અવિનાશી.ટેક.
પુત્ર કલત્રની માયા એમ રોય, ન ધરાયો સ્યામાનો વિલાષિ,
અનાદિકાળ એમ વિતિ ગયા, જેમ કરવતીયો કરવત લેકાશીરે.જરી.૧
દમડાના લોભથી બગલા ભગતબની, દે છે જગત્ ગળે ફાંસી,
તોલાને માપાં તરકટી રાખે જેવો, તપસી દ્વારકાનો વાસીરે.જરી. ૨
ન્યાતને જાતમાં અવળચતાં કરી, દીધા ન વાણે કેઇ પાસી.

માનરૂપ તાવને ફ દે ફસાઇ ગોળી, ખાધી ન લઘુતાની ખાસીરે જરી.૩
કડવા વચન તણો કોળીગોન કીધો, કોઠી ક્રોધથી ભરે નિત્ય ઠાંસી.
આત્મીક સુખનો નાશ કરે છે. જેમ પુદગળનો લયકરે ખાંસીરે જરી ૪
પરાયા અવર્ણવાદ પુરાકથે જેમ મથે છે જળો રક્ત પ્યાસી,
તારા દુર્ગુણને તપાસે " નવિન " થઇ સત્સ ગીનો અભ્યાસીરે.જરી.૫

આ સંસારી સંબધ માત-પિતા ભાઈ ભાર્યા બ્હેન-પુત્ર-પુત્રી વધુ દાશ દાશી મીત્ર શ્વસુરાદિક તુજને મસ્તકાદિક પીડા જવર, શુલાદિક રોગોત્પતિ વખતે દુ ખથી મુકાવવા કોઇ સમર્થ નથી, યામરણ આવ્યે પણ કોઈ મુકાવવા સમર્થ નહીજ થાય, માટે એવો માયા કલ્પીત સબધ જાણી તેઓ પર મૂર્છા ભાવ નરાખવો

ક્ષેત્ર, ઘર-હીરણ, સુવર્ણ-ગાય-ભેસ છાલી ગોધુમ-થાલી-કચોળા કળસ કરડીયા વિસ્તીર્ણ ધન-કનક-રત્ન મણિ મુક્તા-ફલ શાખ, સિલ, પ્રવાળાદિક, પણ, મર્ણ અવસરે ત્રાણ શરણ નહી આવે.

આરભને પરિગ્રહ થોડાને ઘણો. સચેત અચેત-અને-મીશ્રહળુવો અને ભારે સુક્ષ્મ અને બાદર અભ્યતર અને બાહ્ય છે. તે માહાદુ.ખકારી માહા અનર્થકારી, માહાપાપતુમૂળ માહાદુર્ગતીનો વધારણ હારો, મહા ક્રોધ-માન-માયા અને લોભનો સ્વામી, મહા અજ્ઞાનનો વધારણ હારો, મોહ મચ્છર રાગ, દ્રેષનું મૂળ કારણ છે. વળી એ પરિગ્રહ કેવો છે કે દશવિધ યતિ ધર્મ રૂપ કલ્પ વૃક્ષ તેહનો નાસકરનાર ન્યાય ક્ષમા સંતોષાદિક સર્વ સદ્ગુણોનો નસાડણ હારો, બોધબીજ સમકિતનો શત્રુ સંયમ બ્રહ્મચર્ય નીઘાતનો કરણ હારો. વારંવાર જન્મ-જરા મરણનો વધારણ હારો, મોક્ષ માર્ગમાં જતા વિધ્નો કરણહારો, એકાંત કડવા કર્મવિપાકનો

દેણુ હારો, અનત સસારનો વધારણુ હારો, ચિત્તા શોક સાગરનોજ
સ્વામી, તૃષ્ણાવેલનો વધારણુ હારો, કુડકપટનો સાગર વધ બધન
ક્લેષનો કરાવનાર મદબુદ્ધિનો આગાર સર્વ સાધ નિગ્રથનો નિદનીક
આલોકમાં સર્વ જીવોને એ સરીખો બીજો કોઇ મોહપાસ નથી.
ઇહલોક પરલોક સુખ રહીત. પચ આશ્રવનો આગાર દારૂણ
દુ:ખ અસાતા ભયનો દેણુહારો અત્રાણુ અસરણુ ઇત્યાદિક દુ-
ખના કારણો જાણી પરિગ્રહ થકી મૂર્છા તજવી અર્થાત્ પરિગ્રહ
તજવા પ્રયત્ન કરવો.

ઉદારીક શરીર મળ મૂત્રનુ ભાજન ફક્ત ચામડીએ વિટયુ હાડ-
કાનુ પિજર, પુટલ હાડલાસરીખુ, અસુચીમય દુ:ખનુ સ્થાનક
સડયા વસ્ત્ર સરીખુ કૃમીયાદિક જીવની કોથલી પિતપ્રકોપ વાયુ
પ્રકોપ, શ્લેષમ સનીપાતાદિક વ્યાધી પ્રકોપ વેદનાએ પિડયુ, મોહા
મોઠા રોગે કરી ભર્યું જરાવડે જીર્ણ થયુ એવુ અનિષ્ટકારી ઉદારીક
શરીર મૂર્છા ઉતારવી, તુ ગમે તેવી રીતે સાચવીશ, તો પણ એક
દીવસ દગો દેશે તે તુ નીશ્ચેમાની જેમ બને તેમ ધર્મ કરવા ધીર્ય
વાન થજે.

સ્ત્રીનુ શરીર તો દેખતાજ લજામણુજ છે, સદાકાળ
દુર્ગંધ મય અસુચી અપવિત્રતા મળમૂત્રનુજ ઘર એહવું સ્ત્રીનું
શરીર જાણી તે થકી મોહ ઉતારી આપણું સ્વરૂપ નિરવિકલ્પ
સર્વ વિકારથી વેગળો રહેજે.

ધન્ય જે મહા પુરૂષ નિર્મળ પચ મહાવ્રત ધારી. તથા
વળી ધન્ય જે મૂળ ગુણ ઉતરગુણ ધારી શ્રાવક શ્રાવીકા શીયળ
વત સત્યવત ન્યાન નિતીવત ક્ષમાવત ધીર્યવત (પાપથીબીહતા)
લજયાવંત નીરમળવાણીવત ગુણગ્રાહી, પરદુ:ખભજન દાતા પુણ્યા-

ત્મા વનીત સુબુદ્ધિદાયક ગભીર. સરલ સ્વભાવીક ચતુર્વિધસંઘની વાત્સ્છલતાના કરનાર તેઓને ધન્ય છે.

હું અભાગી દુષ્ટી ખળબુદ્ધિવત નીચ છીદ્રગ્રાહી અવગુણગ્રાહી વ્યસની હઠવાદી અલ્પ બુદ્ધિવત નિર્દયી આસ્યા ગુલામ વિષય ભીખારી ગુણનો દ્વેષી અવગુણનો પ્રેમી આપમતલબી વિષય લાલચી રશલપટી નિર્લજ દુષ્ટાત્મા ગર્દભ તુલ્ય ગુણનો ચોર વિશ્વાસઘાતી સ્વામદ્રોહી માહાપાપી આત્મઘાતી કલેષી મમત્વી અવગુણનો આગાર સ્વછદ વીહારી. જન્મોજન્મ આતમકારજ વિણાસી અવળે માર્ગ ચાલ્યો તો હવે આજે સર્વોતમ શ્રી વીતરાગદેવનો માર્ગ પામી. સકળ સબધ જુઠો જાણી પાપથી પાછા પગલા ભરી આત્માને વિશુદ્ધ કરવા ભણી આ પર્યંત કરેલા કુકૃત્ય તો સભારો સભારી વીચારી વીચારી સકળ દોષને નિવારૂ છુ

પર્વે કરેલા દોષોની યાદી.

હે આત્મન્ તે શરીર સગે પૂર્વે ખાટકીના ભવે ચડીમાર મછી માર ધીવર કોળી ભીલાદિક અનાર્ય ભવને વિષે જીવ હીસ્યા કરી કરાવી હોય, પડીતપની અનેક શાસ્ત્રોના અર્થ ખોટાકરી યજ્ઞમાં પશુ હીસ્યાઓ કરી કરાવી હોય, કાજી મુલ્લાના ભવને વીષે કુરાન વાંચી જીવ વધોના બોધ દીધા હોય, જોગી જતી સન્યાસી ફકીરના ભવમાં અનેક મત્રો ભણી અનેક જીવોને દુ:ખ આપ્યું અપાવ્યું હોય, કોટવાળને ભવે ન્યાયનો રસ્તો મૂકિ વેર લેવા માટે બંધીવાનને બાધી કેદમા નાખ્યા હોય, બધીવાનને ભૂખ્યે માર્યા હોય, શૂળીએ આરોપ્યા હોય પરમાધામીના ભવને વીષે નારકીના જીવોને માર માર્યા હોય, કુંભારના ભવને વિષે નિભાડાદીક પકવ્યા હોય,

ઘાંચીના ભવને વીષે તલાદીક પીલ્યા હોય, કૃષીકારના ભવને વીષે હળાદિક વડે ધરતીના પેટ ફોડયા ફોડાવ્યા હોય, બળદોનેભૂખે માર્યા હોય, લીલા વન વઢાવ્યા હોય ક્ષેત્રોમા લાયલગાડી હોય, શેરડીના વાડ પીલાવ્યા હોય મીલો મડાવી કપાસ લોઢાવ્યા હોય માળીના ભવને વીષે રોપરોપાવ્યા હોય. કુમળાફુલો ચુટયા ચુટાવ્યા હોય રંગારાના ભવને વીષે રગણુ પાસ દેવા માટે અગ્નિના આરભ કર્યા કરાવ્યા હોય, લોઢાની ત્રાંબાની સુવર્ણાદિકની ખાણો ખણાવી હોય. હીશકજીવ પાળી પોસી હીશ્યા કરાવી હોય શકરા સમળી—વાઘ—ચીત્રા—સીહ—શ્વાન—મજાર સરપ ગરોળીયાદીક ભવને વિષે જીવ હીંશ્યા કરી હોય સુયાણીના ભવને વીષે સુવાવડ કર્મ આચર્યુ હોય ગર્ભ ગળાવ્યા હોય, વાહાલાના વિયોગ પડાવ્યા હોય, સાધુ સાધવી શ્રાવક, શ્રાવીકાઓના વ્રત લેઇ વિરાધ્યા (ભાગ્યા) હોય મૂળ ગુણ ઉતરગુણ વિરાધ્યા હોય—ઇત્યાદિક ક્રોધે માને માયા અને લોભે હાશ્યેકરી કદાગ્રાહે કરી હઠે પ્રમાદે કરી જન્મોજન્મ પાપ કર્મ ઉપારજ્યા હોય, તે સર્વે આત્મા ગુરૂની શાખે અરિહત સીદ્ધ ભગવાનની શાખે મિચ્છામીદુક્કડ એટલે નિષ્ફલ હોજો,

ગુરૂ ગુણ વર્ણન.

માહરાતરણ તારણ, અધમ ઓધારણ ભવ દુખભજન એકાંતહિતના કરનાર ધર્મગુરૂ ધર્માચાર્યે મુજને તારવાને માટે, મ્હેરબાની કરી સુક્રીત કમાણી કરવા રૂપ સવર કરણી બતાવી અને માહરી સમજણ માફક છતિશક્તિ પ્રમાણે મુળ ગુણ ઉતરગુણ વ્રત પ્રત્યાખ્યાન કર્યા હતા. પણ આજદીન પર્યંત કોપ મોહ ભાવે યા પ્રમાદને વસે થઇ કોઇ નિયમમાં જાણુતા યા અજાણુતા દોષ લગાડયો હોય તે હવે હુ આત્મા અને ગુરૂની શાખે આળોવુ (આલોચુ) છુ.

જ્ઞાનના ચૌદ અતિચારની આલોચના.

કેવળી ભાષીત જે આગમ સૂત્ર જ્ઞાન ને વિષે જંવાઇદ્ધ ઇત્યાદિ ક દોષ લાગ્યા, જે આઘાપાછા શૂત્રાદિક ભણવે કરી. ઉપયોગ રહીત વિનય રહીત. હિણુ અક્ષર ઉચારવે અધિક અક્ષર બોલવે પદહીણુ ભણવે કરી યોગ્ય વીન્યા ભણવે. શુદ્ધ ઉચ્ચાર રહીત ભણવે. અવનીતને શુત્ર ભણાવવે પ્રમાદે કરી, પુનમાદિક અકાળે સઝાય કરવે કરી. સઝાય કરવાને ટાઇમે સઝાય અણુ કરવે કરી, લોહી, પાસ, પરૂઆદી અસુચી પદાર્થ પડયા હોયને સઝાય કરી હોય તો-જીવ રહીત ઉદારીક શરીર પડયા હોય તેવે વખતે પાસે બેશી સઝૌય કરવે કરી જે કોઇ જ્ઞાનને વીષે. અતિચારાદિક દુષ્ટ દોષ લાગ્યો હોય તો અનંત સીદ્ધ કેવળી ભગવાનની સાખે મિચ્છામી દુક્કડ.

જ્ઞાનનું આવરણ થવાના કારણોનું સ્પષ્ટી કરણ.

જ્ઞાનવત પુરૂષોનાં અવર્ણા લાદ (વાકા) બોલ્યા હોય જ્ઞાની પુરૂષો સાથે ખોટા ઝગડા વિવાદ કીધા હોય, જ્ઞાની ઉપર પઉસ-ભાવ ધર્યો હોય, જ્ઞાની પુરૂષેજ્ઞા। આપ્યુ તેનો ઉપકાર ભુલી વાકા બોલ્યા હોય-જ્ઞાન ભણતાને અટાવ્યા હોય. એટલે સાધુ સાધવીને શ્રાવક શ્રાવીકાઓને ભણતા બધપાડયા હોય જૈનશાળાઓ જૈન-કન્યા શાળઓ તોડી નાખવાના પ્રયત્ન કીધા હોય, અથવા પોતાને હઠ કદાગ્રહે વકાઈ ધીડાઇ પણે કરી યા, દુષ્ટ બુદ્ધિએ કરી સીદ્ધાંત વચન ઉથાપ્યુ હોય તથા વિપરીત પરૂપણા કરી હોય, સીદ્ધાત વચનની ઉપહાંસ્યાદિક કીધી હોય. ઇત્યાદિકજ્ઞાનાવર્ણિ કર્મ બધાય

તેવા આચર્ણું આચર્યા હોય તો, યા જ્ઞાનીનો અવિનય અભક્તિ અસાતના કરી હોય, મન વચન કાયા એ કરી જાણપણે અજાણપણે, આકુટી[?] (જાણીને)પણે દ્રવ્યથી ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી, દેશથી, સર્વથી વિરાધના કરી હોય આજના દિન પર્યંત, તો માહારે અનંત સિદ્ધ કેવળી ભગવાનની સાથે મિચ્છામી દુક્કડં

સમકિતના અતિચાર આળોવવા.

શ્રી જૈન માર્ગ દયામૂળ અને વિનયમૂળ ધર્મગ્રહણ કર્યો ખરો પરંતુ શંકાદિક અતિચારલગાડિ જેવા કે એક લશણની કળીમાં અનંતાજીવ કહ્યા તે હશે કે નહિ હોય. **પૃથ્વી સ્થીર હશે કે ફરતી** હશે, એવી અનેક શંકાઓ રાખે અન્ય ધર્મના વાચ્છા કરી હોય ધર્મ કર્તવ્યના ફળનો સંદેહ રાખે,—આનુ ફળ તે હશે કે નહી, અન્ય મતની પ્રસંશા કરી હોય અન્યમતનો, યા, અન્ય મતાવલંબીઓ નો પરિચય કર્યો હોય, ને સમકિતમા કાઇ દુષણ લાગ્યુ હોય તો તસ્સમિચ્છામી દુક્કડ.

સમ્યકત્વ નાશ થવાના કારણોનું સ્પષ્ટીકરણ.

ધર્મ નીમીત્તે ધર્માલયો બનાવરાવ્યા હોય, વનસ્પતિકાયના કુમળા જીવોને અગ્નિ કે જેને શાસ્ત્રમા દશ ધારૂ ખડગ વર્ણવ્યુ છે. તેના જીવોને ધર્મનીમીત્તે ધર્મ માની હણ્યા હણાવ્યા હોય, મીથ્યાત્વી દેવ દેવીઓ જેઓને છએ કાયના જીવોના ભોગ ઉપરાંત પાડા બોકડા વિગેરે પંચેંદ્રિ પ્રાણીનો ભોગ આપવામાં આવે તેવા દેવોને આ લોક અને પરલોક અર્થે માન્યા હોય, એ આદિ અનેક લોકીક પર્વો ધર્મનામીત્તે માન્યા હોય, યા વ્રતાદીક કર્યા હોય, તથા આ લોક અર્થે દેય—શેરૂ—અને ધર્મની માનતા માની હોય, પ્રભુ નામે

દીવા કર્યા હોય, નાળીએર ફોડયા હોય અથવા ખાવાની કે લેવાની લાલચે ઉપવાસ, એકાસણુ, પોસા, સંવર કર્યા હોય, કષ્ટ પડયે તપસ્યાઓ માની હોય, પાસથ્થા, પડવાનો પરિચય કર્યો હોય, પાસથ્થાને મદદો દીધી હોય ઇત્યાદીક લોકોત્તર મિથ્યાત લાગ્યુ હોય ત્થા સાધુને અસાધુ જાણ્યા હોય, અસાધુને સાધુ જાણ્યા હોય, અધર્મને ધર્મ અને ધર્મને અધર્મ માન્યો હોય ઇત્યાદિક પચીશ પ્રકારનુ મિથ્યાત્વ માહિલું કોઇ મિથ્યાત્વ લાગ્યુ હોય ત્થા અનંતાનુબંધી ક્રોધ, માનમાયા, લોભમાં પ્રવર્ત્યો જે થકી સમ્યકત્વ જાય એહવા, આચર્ણ આચર્યા હોય, સમકિતી જીવોની નીંદ્યા કીધી હોય સમકીતી જીવ સાથે ઝેર વેર વસાવ્યા હોય ધર્મી જીવોને દેખી દ્વેષ કર્યો હોય અને આજ દિન પર્યંત જે કાઇ વિરાધના થઇ હોય તો અનંત સીદ્ધ કેવળી ભગવાનની શાખે માહારે મિચ્છામિ દુક્કડં (ખોટુ કીધું નિષ્ફલ હોજો)

પ્રથમ વ્રતના અતિચાર આલોચુ.

પહેલા સ્થુલ પ્રાણાતીપાત વેરમણ વ્રતમાંહી બધે, વહે, આદી અતિચાર લાગ્યા તે. કષાયવશે ત્રશ જીવને ગાઢે બધણે બાંધ્યો હોય કષાયવસે ગાઢા પ્રહાર કર્યા હોય, બળદ, ઘોડાદીકને ખાંસી કર્યા કરાવ્યા હોય, કાન, નાક (દ્રેષ બુદ્ધીએ) વીંધીનાથ નાંખી હોય, મર્યાદા ઉપરાંત અતિભાર ભર્યા હોય; જેમકે બળદની શક્તી પચીસમણ ખેંચવાની છે, છતાં પોતાના સ્વાર્થે વધારે ભાર ભર્યો હોય, દ્રીપદ જે નોકર, ચાકરાદિક, ચતુ પદ જેવાં કે ગાય, ભેસાદીક ને ભાત, પાણીની અંતરાય પાડી હોય ને પ્હેલા વ્રતમાંહી જે અતિચાર દોષ લાગ્યો હોય તો તસ્સમિચ્છામી દુક્કડં:

વ્રત પ્હેલાનું સ્પષ્ટીકરણ.

સજ્યાધાન, ઓષધી પ્રમુખ તપાસ્યા વિના વાવર્યા હોય, નાવણુ, ધોવણુ કરતા, પાણી ભરતા, વાપરતા, પાણી ઉલેચતા, પોરા પ્રમુખની વિરાધના (હીશ્યા) થઈ હોય, છાણા, ઇંધણુ, અણુ જોયા બાળ્યા હોય, ચૂલા તાવડી, અણુપૂજે સળગાવ્યા હોય, સાપ, ખજુરા, વીછી, વીગેરે જીવોને દાબીને દુહવ્યા હોય. જુ, લીખ, માકડ, જુઆં, ઈતરડી, ગીંગોડા પ્રમુખ, કોઇ જીવોને તાવડે દીધા હોય અથવા રસ્તા વચ્ચે ફેકી દીધા હોય. યા, પીલી માર્યા હોય, કીડી, મકોડા ઉદ્ધઇ, ધીમેલ, કાતરા, ચુડેલ, પતંગીયા અળશીયા, મામણમુંડા, પ્રમુખ કોઇ પણ જીવોને, હાલતા, ચાલતા, આરંભ, સમારભ, કામ, કાજ, કરતા, હણ્યા હોય, દુહવ્યા હોય તથા રેશમ અર્થે બે ઇંદ્રી જીવોને હણ્યા હણાવ્યા હોય અને પાચસ્થાવરકાયનો આરભ સંભારભ કરતાં હર્ષ આણ્યો, કર્ત્તાર્થપણુ માન્યુ હોય, પણ ખેદ ભાવ ન ધર્યો હોય તેમજ દયાબુદ્ધિ નાણી હોય ઇત્યાદિક જન્મથી માડી આજદીન પર્યંત જે જે જીવોની વીરાધના થઇ હોય તે અરિહંત ભગવતની સાખે માહરે મિચ્છામિદુક્કડ

બીજા વ્રતના અતિચાર આલોવવા.

બીજા સ્થુલ મૃષાવાદ વેર મણ વ્રતને વિષે સહાસા ભાષણીયાદિક પાચ અતિચાર લાગ્યા હોય તે આળોવુ, સહસાત્કારી આગલાને ધ્રાસકો પડે ઉદ્વેગતા ઉપજે એવી અણુવીચારી ભાષા બોલવે કરી, કોઈની રહસ્ય છાની વાત પ્રકાસવે કરી, કેમકે કોઇની છાની વાત પ્રકાસતી વખતે તે માણસ આપઘાતાદીક કરે માટે કોઇની છાની વાત પ્રકાસવી નહી. છતા પ્રકાશી હોય, સ્વસ્ત્રીની એબ

એટલે કુચાલ જાણુવામાં આવી તો તેને ધીરે ધીરે બોધ દઇ તેના દુર્ગુણો દુર કરાવવા. પણ છાની વાત તેની પ્રકાશવી નહી કેમકે તે વાત પ્રકાસતા જો સ્ત્રી બળવાન હોય તો પતિને મારીનાખે અગર સ્ત્રી લજ્જાવાળી હોય તો પોતેજ આપઘાત કરે માટે એ મ્હોટુ નુકશાનનુ કારણ જાણી સ્ત્રીની રહસ્ય વાત પ્રકાસવી નહી છતા પ્રકાશી હોય ધર્મગુરૂ થઇને પોતાના ગચ્છના શ્રાવકની વસ્તી વધારવાની ઇચ્છાએ બીજાના સત્ય ધર્મ ઉપર જુઠો આક્ષેપ કરે તથા સિદ્ધાંત વચનનો અવળો અર્થ સમજાવી જુઠો ઉપદેશ આપી અનેક જીવોને ભ્રમણામા નાખ્યા હોય, ખોટા લેખ પત્ર એટલે–ખોટા દસ્તાવેજ, સ્ટાંપો ઉભા કરવા ખોટુ નામુ માડવુ, વીગેરે કર્તવ્ય અહી સમજવુ નહી. કેમકે તેનુ કામ કરે તો જેલ જાત્રા કરવાનો વખત આવે, એવા ગુન્હા કરનારને રાજાદિક પણ છોડતા નથી તો શુ તમે એક મિચ્છામી દુક્કડ દેવાથી તે પાપથી મુક્ત થઇ શકશો? ના, કદી નહી; પરતુ આ બોલનો એમ અર્થ સમજવો કે કોઇ સેજસાજના કારણને લઇને હુડીની માફક એકાદ તારીખ ફેર કરે છે, તેવુ રૂપ આહી સમજાય છે જો કે હુડી સાચી છે પણ હુડીયામણના ભાવને લઇને એકાદ તારીખ ફેર કરે. અગર પરદેશથી પુત્ર ન આવતો હોય ને તેડાવા માટે માવિત્રોએ માંદગીનુ કારણ લખી તેડાવ્યો તેવા રૂપના લેખપત્ર લખ્યા હોય ને અતિચારાદિક દુષ્ટ દોષ લાગ્યા હોય તો કેવળીની સાખે મિચ્છામીદુક્કડ.

બીજા વ્રતનું સ્પષ્ટીકરણ.

વરકન્યાના કામ આશ્રી જેમકે વર એસી વરસનો હોય ને કન્યાના માવીત્રોને કહે કે બહુજ નાનો છે. ઓગણીસ, વીસ, એકવીસ, વીસ એસીની (૮૦ વર્ષ) ની આસપાસનો મુરતીયો છે તેમજ

કન્યા કેવી છે તો કહેકે એક આંખમાં ફુલુ છે અને એક આંખમાં કાંઇજ નથી (આંધળી) એવી મીશ્ર ભાષા શ્રાવક બોલે નહિ છતા બોલ્યો હોય, ગાય, ભેસ આશ્રી, જમીન (ક્ષેત્ર) આશ્રી. લોભે, લાલચે, ક્રોધે, હાંસ્યે, ભયે, માને, માયાએ કરી જુઠુ બોલાણુ હોય, પારકી થાપણ ઓળવી હોય, પંચમાં બેસી યા કોર્ટોમાં જઇ ખોટી શાક્ષીઓ પુરી હોય, પરના અવર્ણવાદ બોલ્યા હોય, કોઇની ચાડી ચુગલી કીધી હોય, કોઇને માથે કુડા આળ ચડાવ્યા હોય, ત્થા, કુટણ, પીટણ, તાડણ, તર્જના, મકાર, ચકારાદિક ખરાબ શબ્દો બોલ્યા હોય કઠોરકારી, કર્કશકારી, છેદકારી, ભેદકારી, સાવદ્ય (હિંસ્યા)કારી પરને પીડા ઉપજે એવી ભાષા બોલાણી હોય, ત્થા હિંસ્યાકારી ઉપદેશ દીધા હોય પોતાનો અપરાધ પારકાઓને માથે નાખ્યા હોય ઇત્યાદિક બીજા વ્રતમાં આજ દીન પર્યંત પાપ લાગ્યા હોય તો અનત સિદ્ધ કેવલી ભગવાનની સાખે મારૂરે તસ્સ મિચ્છામીદુક્કડ:

ત્રીજા વ્રતના અતિચાર આલોવવા.

ત્રીજા સ્થુલ અદતાદાન વેરમણ વ્રતને વિષે તેનાવડે પ્રમુખ પાંચ અતિચાર આળોવુ. તે ખરાબ માણસની પરીક્ષા કર્યા વીના, ચોર વસ્તુઓ ચોરી વેચવા આવ્યો હોય ને તે વસ્તુ ચોરાઉ લેવાણી હોય, અમુક માણસ ચોર છે એવી ખાત્રી કર્યા વિના તે ચોરને મદદ કરી હોય, રાજાનો ગુન્હો લાગુ થાય એવા રાજ વીરૂદ્ધ ચોરી કરી હોય, કુડા તોલા અને માપ એટલે લેવાના તોલ માપ વધારાના જુદા અને દેવાના તોલમાપ ઓછા રાખી વધુ લીધું અને ઓછું દીધુ એમ અહીં સમજવુ નહી. કેમકે તેવા ઓછા વધુ તોલના કાટલા માપ રાખે ને જો રાજાના જાણુવામાં આવે તો તેનો

દંડ કર્યા વિના રહેજ નહી તો શુ રાજાનો ગુન્હો લાગુ પડે, તેને પરમાધામીના ઘરનો નર્ક કુંડનો ગુન્હો શુ લાગુ નહી પડે ? અવશ્ય લાગુ પડે, તો તેવા તોલમાપ માટેજ તે ગુન્હો છેજ પરતુ અહી એમ સમજવું કે નવા તોલમાપ કાંઈ સેજ વધારે હોય છે અને હમેશાં વપરાસનો તોલ માપનો ઘસારો પાડવાથી સેજ ઓછો ભાગ થાય છે તેવા તોલ માપથી લેવાણુ દેવાણુ હોય તો; સારી જણુસ દેખાડી નરશી જણુસ આપે અપાવે યા સારી નરશી સેળ ભેળ કરી દીધી હોય ને ત્રીજા વ્રતના પાચ અતિચાર માંહેલો કોઇ દુષ્ટ દોષ આજ દીન પર્યંત લાગ્યો હોય તો અનત સિદ્ધ કેવલીની સાખે મા-લ્યરે તસ્સમિછામી દુક્કડં:

ત્રીજા વ્રતનું સ્પષ્ટીકરણ.

મીત્ર ભેદ કરી આગલ્યાને વચ્યો હોય, ભાઇ, ભત્રીજા, યા પીત્રાઇયાદિકની ધન કારણે ઘાત ચિંતવી હોય, પારકાના નાણા લહી ઉચાપત કીધા હોય, થાપણો ઓળવી હોય, લોભવશે પારકા-ના કાર્યોમાં વિઘ્ન પાડયા હોય, પોતાનુ ભલુ અને પારકારનુ બુરૂં ચિતવ્યુ હોય, લાંચ (રૂસવત) લીધી હોય, હુકમાઇપણે વેર વાળ-વા અનિતી કરી આગલ્યાને ગેરલાભ આપ્યો હોય, પરાઇ વસ્તુ લુટાવી હોય, પાસે રહી ચોરી કરાવી હોય, નિર્દય બુદ્ધીએ પારકાં આજીવકાઓ ભાંગી, ભંગાવી, હોય, પચમા બેસી પક્ષરાખી અ-દલ ઇનસાફ આપ્યો ન હોય શેઠ સીયારીયા પ્રમુખની ચોરી કરી હોય, કઢારે (કબાલે) અને વ્યાજે આપી ઠરાવથી અધિકુ લેતા દયા નઆવી હોય તો, ક્ષેત્ર, ખળામાં પડી વસ્તુ ધણીયાતી કરી હોય ઇત્યાદિક ત્રીજા વ્રત માંહી જે કોઇ વીરાધના થઇ હોય તે અરિહંત સિદ્ધ ભગવાનની સાખે માલ્યરે મિચ્છામી દુક્કડ:

ચોથા વ્રતના અતિચાર આલોવવા.

ચોથુ સ્થુળ અબ્રહ્મનિવર્તના પાચ અતિચાર તે ઈતરીયાદિક દોષ લાગ્યા હોય તે આળોવુ છુ. અરૂતુ પ્રાપ્ત સ્ત્રી સાથે ગમન કર્યું હોય. યા નાના છોકરાએ સાથે સ્ત્રીએ ગમન કર્યું હોય. સગપણ કરેલ છે પરતુ પચની સાક્ષીએ પાણી (હાથ) ગ્રહણ કર્યો નથી, તેવી સ્ત્રી શુ ગમન કીધુ હોય; લુગડાની પુતળી, કાષ્ટની પુતળી, પાસાણની પુતલીયાદિક સાથે વિષય ક્રીડા કીધી હોય; પરાયા વેવીશાળ નાતરા મેળવાવ્યા હોય, વિષય ઉપર તિવ્ર અભિલાષા રાખી હોય ને ચોથા અબ્રહ્મવ્રતમા અતિચારાદિક દુષ્ટ દોષ લાગ્યો હોય તો અનત સિદ્ધ કેવળીની સાખે માહરે મીછામીદુક્કડં.

ચોથા અબ્રહ્મ વ્રતનું સ્પષ્ટીકરણ.

સર્વથા યા દેશથી (થોડા) અબ્રહ્મના પ્રત્યાખ્યાન કર્યા છે. છતાં વિષય આતુરતાએકરી વીકળતાપણે બળાત્કારે પરાધીનપણે દેશથી યા સર્વથા બ્રહ્મચર્યની વિરાધના થઇ હોય, કદ્રપક્રીડાવસે અગકુચેષ્ટા કરી હોય, હસ્તકર્માદિક કર્યા હોય, સરાગપણે સ્નેહને પોષવે વિષય વચન બોલાણા હોય, ગુહ્ય અવવ્યવાદિક દેખાડવે પરને મોહ વિકળતા ઉપજાવી હોય, રૂપવંત સ્ત્રી પુરૂષને દેખી વીષય વાચ્છના કરી હોય, માતા પિતા પુત્ર પુત્રી ભાઈ ભગ્ની વધુ ગુરૂ ગોરાણી પ્રમુખ ઉપગારી ઉપર વિષયબુદ્ધિ ચિતવી હોય; માજમ માવો જાયફલ પ્રમુખ કેફકારી વસ્તુ તથા ખાન પાન વિગેરે વિષય વધારવા માટે ખાધા હોય. કાષ્ટ પાષાણુ પ્રમુખ પુતળી સાથે આલિગનાદિક વિષય પરિચારણા કરી હોય, તથા સ્ત્રી શું સ્ત્રી અને

પુરૂષ શુ પુરૂષ મળી કામકુચેષ્ટા કરી હોય તથા અજ, ગજ, અશ્વ, ગાય, ભેંશ રાસભી પ્રમુખ પશુ પ્રતે સંયોગ કર્યા હોય યા કરાવ્યા હોય અથવા પશુઓની કામ વિકળતા દેખી, મૈથુન સંજ્ઞા ઉપજી હોય. કામ કંદ્રપાદિક દીપાવવા સ્નાન શશ્રુખા કરી હોય. પ્રમાદ કષાયનીચપળતાએ અહોનિશ વિષય પ્રતીધ્યાનધ્યાવવે મનના જોગ મલીન પ્રવર્ત્યા હોય, વિષય માટે આર્ત રૌદ્રધ્યાન ધ્યાઇ માઠા સંકલ્પ વિકલ્પપણે આત્મા હણાણો હોય તથા હાસ્ય વિલાશ વિનોદ વિકથા પ્રમુખ કામપ્રદિપ્ત થાય તેવી કથાઓ કરી હોય. યા સાંભલી હોય અને કદ્રપ ઉપન્જ્યા હોય. રશ લંપટ થઇ, શ્વાન તુલ્ય, ઓખરીયા ઢોરની પેરે, ભોગરૂપ આમિષ (માંસ) ગવેખવે કરી અંતકરણ અશુદ્ધ પ્રવર્ત્યો હોય તથા અનેરો કોઇ સ્વપ્ન પ્રમુખ માંહિ શિયળનો ભંગ થયો હોય, અષ્ટમિ, ચતુર્દશી પુન્યમાદિક તીથીયોમાં નીયમ ભાગ્યો હોય ઇત્યાદિક ચોથા અબ્રહ્મ વ્રતમાં આજ દીનપર્યંત જે જે દોષ લાગ્યા હોય તે દેશથી યા સર્વથી વીરાધના થઇ હોય તે માહરે અનંત સિદ્ધ કેવળીની સાખે મિચ્છામિદુક્કડં.

પાંચમાં વ્રતના અતિચાર આલોવવા.

પાંચમુ ઇચ્છાનિવૃત તે વૃતમાંહી ધનાદિક પરિમાણુ અતિક્રમવારૂપ, અતિચાર લાગ્યા હોય તે આળોવુ છુ. ઢાંકી ધરતી. અને ઉઘાડી ધરતીનુ જે પરિમાણુ કર્યું છે. તે ઉપયોગ શુન્યે અતીક્રમી રાહાદારી જમીનપોતામા ભેળવી હોય, હિરણ્ સુવર્ણ મણિમાણ્યેક પ્રવાલાદિકનુ પરિમાણુ અતિક્રમવે કરી આંહી એમ સમજવું કે પોતે અમુક પરીગ્રહ મોકળો રાખ્યો. તેમાં એક હીરો પોતે ખરીદ્યો. જેની કિમત પોતે હજાર રૂપીયાની જાણે છે ખરો, પણ વેચનાર પાસેથી

નવસેં રૂપીયાનો લીધો તે પરીગ્રહો નવસેનો પોતેગણે હજારનો જાણે છે તો અતિચાર આન્યાયે લાગ્યો હોય એમ સર્વમાં જાણવુ દ્વીપદ ચતુપદનુ પરિમાણ અતિક્રમવે આમાં એમ સમજવુ કે નોકર રાજાના છે છતા પોતાના હુકમને તાબેજ રહેતા હોય અને પોતાના કામકાજમા હમેશાં આવતા હોય, તે પોતાના પરીમાણમાં ગણાય. તેમજ પશુઓનુ પણ સમજવુ, છતા સ્વાર્થબુદ્ધિએ તે પરિમાણ અતિક્રમાણુ હોય, લોહ કથીર ત્રાંબુ પીતળાદીક ધાતુનુ પરિમાણ અતિક્રમાણુ હોય. તેમજ ધાનનુ પરિમાણ અતિક્રમાણુ હોય ને પાચમાં સ્થુલ વ્રતમાહી આજના દીનપર્યંત દોષ લાગ્યો હોય તો અનંત સિદ્ધ ભગવાનની સાખે માહરે મીછામિદુક્કડ.

પાંચમાં વ્રતનું સ્પષ્ટીકરણ.

નવ પ્રકારના પરિગ્રહ ઉપર તીવ્ર મોરછાભાવ રાખ્યો હોય. પરિગ્રહો એહીજ ત્રાણ સરણ માન્યો હોય. કર્તાર્થપણુ પણ તેમાજ માન્યુ હોય, ધન ઉપજાવવાના સાધન જે પાપકારી, ગાડા, રથ, વાહાણ, સ્ટીમર, મીલચી ચોડાદીનાં આરભ ચિતવ્યા હોય, ચક્રવર્તિ વાસુદેવ ધન્ના શાલિભદ્ર વેસમણાદિક દેવની રિદ્ધીની વાચ્છા કરી હોય અર્થાત્ આ લોકની સર્વ સપદા ઇચ્છી હોય ઇત્યાદિક દુષ્ટ દોષ લાગ્યા હોય તો અનત સિદ્ધ ભગવાનની શાખે મહારે મિછામીદુક્કડ—

છઠું વ્રત આલોવવું.

છઠું દિશીપરિમાણ વ્રતમાંહી અધોદિશીનુ પરિમાણ અતિક્રમવે કરી ઉર્ધદીશીનુ, ત્રીછીદિશીનુ પરિમાણ અતિક્રમવે કરી, એટલે, એક માણસે એવો નીયમ કર્યો છે કે, મારે જળવાટે હજારકોષ, અને

સ્થળવાટે પાંચસે કોષ ઉપરાંત જવું નહિ. છતાં કોઇ કારણે જાય તો વ્રતનો ભગ થાય છે, અર્થાત્ વ્રતત્રુટે છે. પરતુ આહી એવી રીતે સમજવું કે, જેમકે, આહીથી મુબાઈ ત્રણસે કોષ અનુમાને થાય છે, તો ગાડીને ચાલતા ઉચુ ચડવુ પડે નીચુ ઉતરવું પડે, યા ફેરમાં થઇને જતી હોય તો પોતાના નીયમથી સેજસાજ વધારે થઇ જાય ખરૂ, પણ દુનીયાની દ્રષ્ટીએ તો મુબાઈ અનુમાને ત્રણુશે કોષજ કહેવાશે. તો તેવી રીતે જતા વ્રત ભાગે નહિ પણ અતિચાર લાગે, તો આંહી આન્યાયે સમજવુ, અને તેવા પ્રકારનો દોષ લાગ્યો હોય. અથવા ચારે દિશીના ગાઉ એકઠા કરી એક દિશાએ ગયો હોય. તથા પથે ચાલતા મર્યાદાનો સદેહ પડયો છતા મૃર્યાદા ઓલઘી હોય, તથા પોતે જે મર્યાદા કરી છે તે ઉપરાત કાગલ કાશીદ મોકલી પચ આશ્રવ સેવરાવ્યા હોય. તથા મન, વચનનો જોગ બાહિર પ્રવર્તાવ્યો હોય ને જે કોઇ છઠા વ્રતમાં આજ દિન પર્યંત પાપ લાગ્યા હોય તો અનત સિદ્ધ કેવળી ભગવાનની સાખે માહરે મિછામિદુક્કડ.

સાતમાં વ્રતના અતિચાર આલોવવા—

સાતમું વ્રત દ્રવ્ય વિધીનુ પરીમાણુ કર્યું છે તેના અતિચાર જે સચેત અહાર કીધા હોય. અહી કેટલાક એમ કહે છે કે સચેતનો ત્યાગ કર્યો હોય ને સચેત ખાવામાં આવ્યુ હોય આમ કહે છે. તે તદન ખોટુ જ છે, કેમકે સચેતનો ત્યાગ કર્યો અને સચેત ખાય તો વ્રતજ ભાગે. માટે તેમ નહી શમજવુ. પરંતુ આંહિ એમ સમજવું કે જેમ કોઇ શ્રીમંત્ યા મહંત પુરૂષ રસ્તા વચ્ચે કે બજારમાં બેસી સહુ દેખેતેવી રીતે છોએકરનો ખાવાની ચીજો ખાય તો

દુનિયા તેની હાંશી કરે છે. તે ન્યાયે. શ્રાવક સમજુને જોકે બાધા (નીયમ) નથી. તો પણ, કુંણી કાકડી, મુળાની કુણી ડાંડલી કુણા મોધરા વીગેરે ખાય તો દુનિયા તેની ઉપહાંસ્ય કરે માટે વ્રતધારી શ્રાવકને તે વરજીત છે છતા તેવી વસ્તુ ખાવામાં આવી હોય તો અતિચાર લાગે. ત્થા સચેત સાથે ચોટેલો પદાર્થ જે ગુંદ પ્રમુખ ઉખેડી ખાય તો કેમકે તરત ઉખાડેલા ગુંદાદીકમાં જીવનાં પ્રદેશ રહેલ હોય છે છતાં તેવો આહાર થયો હોય. રીંગણા, બટેટા, સકરીયા, પ્રમુખના ભડથા કરી ખાધાહોય (કેમકે અડધુ શેકાણુ અડધું ન શેકાવાથી કાચું રહે છે) શેરડી સાંઠા દિકતુચ્છ આહાર કરવે કરી ત્થા. બાવીસ અભક્ષ, બત્રીસ અનત કાય, જાર. બાજરી. ઘઉ. મકાઇ પ્રમુખનો પોંક ખાધો હોય. અણગળ જળ પીધા હોય યા વાવર્યા હોય. જીભાસ્વાદે અનેક પ્રકારની રશવતી તીવ્ર પરિણામે બનાવી હોય યા બનાવરાવી હોય મધુર રસાદિક ભોગવતા. રસનો ગર્વ કર્યો હોય ત્થા છવીશ બોલની મર્યાદા કરી છે તેમાહી ઉપીયોગવીના કોઈ બોલની વિરાધના થઇ હોય સેળ ભેળપણે ભોગવાણુ હોય ઇત્યાદિક કોઇ ઉવભોગ. પરિભોગ વ્રતમાંહી દેશથી. યા સર્વથા, વિરાધના થઈ હોય. અને જે કોઇ દુષ્ટદોષ લાગ્યો હોયતો અરિહંત સિદ્ધ ભગવાનની સાખે માહારે મીછામિદુકડ.

પન્નર કર્માદાનની આલોયણા—

૩ ઇંટ નળીયા પ્રમુખનાં નીભાડા, કર્યા કરાવ્યા હોય ભઠ્ઠીયો કરી કરાવી હોય. કોયલા પાડયા. પડાવ્યા હોય. કંદોઇ ભાડભૂજીયા. દારૂગરછીપ્પા સોની. રગારા. પ્રમુખ. પાસે. અગાલ કર્મ કરાવ્યા હોય—૧

૨ વનકપાવ્યા હોય. ફૂળ પત્ર. શાખા, છેદાવી હોય. મૂળ કઢાવ્યા હોય સુડ નીંદણુ કરાવ્યા હોય. ઈત્યાદિક વનકટી કર્મ કર્યા કરાવ્યા હોય.

૩ ગળી. ચર્મ, જલેબી. વાસીગાર (ગોબર) પ્રમુખ વાસીરાખ્યા હોય સોડો કર્યો હોય. ચમાર. ડબગર. ચામડીયા પ્રમુખના કશબ કર્યા હોય, ઇત્યાદિક સાડી કર્મ આચર્યા. હોય.

૪ પોઠીયા. ઉટ. બળદ. ઘોડા. ખચ્ચર. ભેસા. ગાડા. પ્રમુખ રાખી ભાડી કર્મ. આચર્યા હોય.

૫ હળ. કોદાળા. દતાળ. ખરપલા. કોશ. કોદાળી. પાવડા. પ્રમુખ મેળવી પૃથ્વીના પેટ ફોડાવ્યા હોય. કુવા. વાવ્ય. તળાવ, હોજ. પ્રમુખ નવાણુ ખણાવ્યા હોય. ઓડ. સલાટ. ના ભવાદિકને વીષે પૃથ્વી ખણવાના કસબ કર્યા કરાવ્યા હોય.

૬ દાંત. કચકડા. ગેડા. તેહના વ્યાપાર કર્યા કરાવ્યા હોય. ગાય. ભેસ. હસ્તિ. ઉંટ. છાળા. ના હાડનો વેપાર કર્યો કરાવ્યો હોય. ત્થા તેવા પ્રાણીનો વદ્ધ કરવાનાં સસ્ત્ર આપી તેના બદલ દાત કચકડા મોતી. ત્થા. કસ્તુરી વીગેરે ખરીદ કરવાનો ધંધો કર્યો કરાવ્યો હોય

૭ ચમરીગાયના કેશ. ઉન. ધાબળા, બનાત. પામરી. જનાવરના પિછાદીકનો વ્યાપાર કર્યો હોય.

૮ લાખ. સોરંગી. કરમજ. મીણુ. મજીઠ. ખાંખણુ. પ્રમુખ લખવણીજનો વ્યાપાર કર્યો કરાવ્યો હોય.

૯ વીષ. સોમલ અફીણુ. સીગડીયો, સસ્ત્ર, તલવાર. પિસ્તોલ કટાર. છૂરી, પ્રમુખના વ્યાપાર કર્યા કરાવ્યા હોય. સાબુ. સીંધવ.

સાજીખાર. સંચળ. લુણ સુરોખાર પ્રમુખ નીપજાવ્યા હોય. સર્પ. કાકિંડા. વિછી. દેડકા. પ્રમુખના. ઝેર કર્યા કરાવ્યા હોય ઈત્યાદિક વિષ વ્યાપાર કર્યા કરાવ્યા હોય.

૧૦ સુરા. મદ્ય તેલ. ધૃત. રોગાન ચરબી. એરંડીયુ. અલસેલ. ગળપણ. પ્રમુખ રશનો રોજગાર કર્યો કરાવ્યો હોય.

૧૧ વાડ પીલાવ્યા હોય. ચરખા ધાણી ચકદા મીલ. ઘંટી ખારણીયા, જીનાદિકના અધિકરણ ઉપજાવ્યા હોય.

૧૨ ગોધા સમરાવ્યા હોય, ઉંટ, બળદ, ભેસા પ્રમુખના નાક ચીરાવી નથો નખાવી હોય, મનુષ્ય સ્ત્રી પુરૂષના નાક કાન દૂંપે છેદ્યા છેદાવ્યા હોય નાંજર પુરૂષો બનાવ્યા હોય, ઈત્યાદિક નીલછન કર્મ આદર્યા હોય.

૧૩ ડુંગર ઉપર દાવાનળ સળગાવ્યા હોય. વગડામાં—દા મુકયા હોય, ગામ બાળ્યાહોય, ગજીઓ, ઓધા, બાળ્યા હોય, બીડ સળગાવ્યા હોય ઇત્યાદિક લાલચે અગર, રાજ હુકમે કર્યા કરાવ્યા હોય.

૧૪ અગ્નીદારૂ લગાડી દ્રહ સરોવર, શોશવ્યા હોય, કુવા પ્રમુખ ઉલેચાવ્યા હોય, જળાશ્રયોમા, ઝેર, યા ખાર, નાખ્યા હોય, તળાવ પ્રમુખની પાળ્યો ત્રોડી હોય. વનવાડી મધ્યે રોપ રોપાવી. કોશ અર્હટ જોડાવ્યા હોય. માળીના કશબ કર્યા હોય ઇત્યાદીક આરંભ કર્યો કરાવ્યો હોય.

૧૫ શ્વાન, મંજાર. કુર્કટ, પ્રમુખ હિંશક જીવ પાળીપોશી વેચ્યા હોય, પાવૈયા, લુડી તાયફા. પ્રમુખને પાળી પોષી કદ્રપ વ્યાપાર કર્યા હોય.

ઇત્યાદિક પન્નરે કર્માદાન. જન્મથી માંડી આજના દિનપર્યંત.

પાપકારી કર્તવ્ય કર્યું કરાવ્યું કે અનુમોદ્યું હોય તો માહરે અનંત સિદ્ધ ભગવંતની શાખે મિછામીદુક્કડં=

આઠમા વ્રતની આલોયણા.

આઠમુ અનર્થાદંડ, એટલે અર્થ વિના દડાવુ તે, આ જીવ કાંઈ કારણ વિના સ્વાર્થ વિના પાપ ઉપર્જે છે. જેવા કે, દિન રાત્રી પારકાદોષ દિઠાહોય. પારકી નિંદ્યા કરી હોય. પારકી લક્ષ્મીની સદાકાળ ઇચ્છાકરી પારકીસ્ત્રોનુ રૂપ, લાવણ્યતા ને ગુણદેખી તેહની સાથે ભોગ ઇચ્છા કરવેકરી, રાતદિન, આરતિ ઝુરણા કરી કલહ ઉપજાવ્યા હોય ઇત્યાદિક અનર્થા દંડ લાગ્યા, તથા, અવિવેક પણે પાપકારી વ્યાપારના ઉપદેશ દિધા, ભૂમિખણ્યાના ઉપદેશ દીધા; વાવ્ય કુવા તળાવાદિક કરાવવાના ઉપદેશ દીધા, ગાય. ભેસ, ઘોડા, બળદ ઉંટ, પ્રમુખ જનાવરો રાખવાના ઉપદેશ દીધા, પૃથ્વી, પાણી, અગ્નિ, વાઉકાયના, આરંભના ઉપદેશ દીધા. વનસ્પતિ છેદાવવાના ઉપદેશ દીધા, ઈત્યાદિક પાપકારી દુષ્ટ ઉપદેશ દેવેકરી; તથા ઘર, હાટ. વખાર મીલ, ચીચોડા, પ્રમુખ કરવાના ઉપદેશ દીધા. વર કન્યાના વિવાહ કરવા કહેવે કરી, પાણી વાળવાના રસ્તા બતાવવેકરી. ક્ષેત્ર વાડી ખળા.આઘા, ગંજી, વન, વિગેરે બાળવાના ઉપદેશ દેવે કરી, સુડ, નીદણ, કાઢવાના ઉપદેશ દેવે કરી, ઇંટા દિકના નીભાડા પચાવવાના ઉપદેશ દેવે કરી ખાન, પાન, કરવાના ઉપદેશ દેવે કરી, હીંસકજીવ સીકારી, કુતરા, બિલાડા, બાજ, પ્રમુખ દુષ્ટ બુદ્ધિએ પોષ્યા હોય, પક્ષી પાંજરે ઘાલ્યાહોય, તીર, તરકસ, ભાલો, બરસી છરી, ચપ્પુ, બંદુક, તોપ કટારી, ખંજર, કોશ, કોદાળી, પાવડો, હળ, મુશળ, ઘંટી ખારણીયા. ત્રાક સૂઇ, કાતર, દાતરડા, પ્રમુખ સસ્ત્રો કરાવી

સમરાવી રાખ્યા હોય અન્યને આપ્યાં હોય ઈત્યાદિક અનર્થા દંડ લાગ્યા હોય તથા તેલ-ધૃતરશના ઠામ ઉધાડા રાખ્યા હોય, દીવો. ચૂલો અગાહા (ઢાંકયાવિના) રાખ્યા એઠવાડો. માત્રા (મૂતર) ના, ઠામ ભરી રાખ્યા હોય, લાળ, લીટ, વીર્ય, લોહી પાસ, પરૂ, વિષ્ટાદિક અશુચિ પદાર્થ પગનીચે ચાંપ્યા હોય, હરિકાય (લીલોતરી) ઠાર, મૃતિકા, મારગે ચાપી હોય, ફુલ, જવેરા, મસ્તાદિકે ઘાલ્યા હોય, વ્રક્ષ, પત્રાદિક ત્રોડયા ઉશ્ન પાણી, અગ્નિ, ખાર જમીન જોયાવિના નાખ્યા હોય ગરોળીના ઇંડા વડબીજ, કોર (મહોર) ફળ કચર્યો કીડીના દરપૂર્યા, મધપુડા ફોડયા, વૃક્ષડાળે હીચકા બાંધી હીચ્યા ઈત્યાદિક, વૈદપણે, વમન. રેચ, ઔષધ. દિધા, મુખ અણાવ્યા ધાતુ મરાવી, ખાર નીપજાવ્યા હોય. વિકથા કુસાસ્ત્ર, સાંભલ્યા, શણગાર, સુશ્રુખા કરી મોહ વીકળતા ઉપજાવી હોય, ભાંડચેષ્ટા કરી, કામણ મોહન, વશીકરણ વેતાલાદિક વિદ્યાસાધી હોય, નિમીતભાંખ્યા આરભકારી કારજના મુહુર્ત દીધા, માયા પ્રપચ કરીને વચ્યા, હાસ્ય, કતોહળ કરીને ભયઉપજાવ્યા--પરને પરિતાપના વચન કીધા કૂડા આળ દીધા, ક્રોધે કરી આતમઘાત કીધી, તથા પરની કરાવી ઇષ્ટ સયોગ વાછયા. અનિષ્ટ વિયોગ ચિતવ્યા ઇત્યાદિક અનર્થ દડ લાગ્યા હોય.

દુર્જન મિથ્યાત્વી પૂર્વલાવિરોધી શત્રુ તેહના ઉપદ્રવ્યે દેશાધિપતિ યા રાજાની કુમેહેરબાનીથી થએ અણગમતા દુખના કારણથી આર્ત ધ્યાન ધ્યાયુ હોય. રાજસપદા પ્રીયપત્ની તેહનો વિયોગ ભાઈ ભગ્નિ, મીત્ર, નદ, આદી સજ્જનોના વિયોગે દુષ્ટ ધ્યાન ધ્યાયુ પોતાના શોભાગ્ય પદનો ભ્રશ થયે. સ્વઇચ્છા ત્રુટવે કરી મોહવશ્યે

શોક વિલાપ અંશ્રુપાત કરી દુખ ઉપજાવ્યા હોય, ઇત્યાદિક ઇષ્ટ વિયોગાર્તિ ધ્યાન ઉપજવે અનર્થા દડ લાગ્યા હોય. માહારોગ કુષ્ટ ભગદર પેટશુલ, શ્લેષમ, જ્વર, વિકાર, વાયુપ્રકોપ, પિત્તાદિક મરણાંત દુખ ઉપજવે, મોટી પ્રબળ વેદનાએ કરી વ્યાકુળતા ઉપજી હોય પારકાઅલિક દોષ દીઠા હોય ઇત્યાદિક રોગાર્તિધ્યાનકરવે અનર્થાદડ લાગ્યા, પાતાળ નાગેદ્ર દેવેદ્ર નરેદ્ર તેહના ભોગ વીલાસ લીલા ચિતવી હોય પુન્યાનુષ્ટાન તપ સયમ ધ્યાનાદિકે કરી ઇદ્રાદિકની પદવીનુ નિદાન ચિતવ્યુ હોય માહરા વેરી શત્રુ વીગેરે સર્વને તોડીપાડુ એવી સમર્થાઇ પામુ એ આદી અનેક પ્રકારનું નિદાન ચીતવ્યુ હોય, ભોગાર્તિ ધ્યાન પ્રવર્તવે શોક, ભય, પ્રમાદ કલહ વિભ્રમ, ઉન્મતપણુ, નિદ્રા વિષય ચિન્હ ઉપન્યો હોય. ઇત્યાદિક અનર્થા દડ લાગ્યા હોય

હીશ્યાનુબધી રૂદ્રધ્યાન ધ્યાયુ હોય. કોઇ જીવને મારતા દેખી સુખ માન્યુ હોય, ત્રશ પ્રાણીને દુખી દેખી કૌતક કર્યું હોય. મનમા માઠા સકલ્પ વિકલ્પ આણ્યા હોય. રાજસપદાપામી સર્વ શત્રુઓનો સહાર કરૂ, સર્વ લોકોની સપદા લુટી ઘર ભરૂ, આ લોકની સર્વ રૂપવત કન્યાઓ ભોગવુ ઇત્યાદીક રૂદ્રધ્યાનધ્યાઈ જુદા વિકલ્પો કર્યા હોય, હિસ્યામા આનદ માન્યો હોય, મૃષાનુબધી રૌદ્રધ્યાન પ્રપચો કરી નવા શાસ્ત્રો ઉપજાવ્યા હોય, હીશ્યામાર્ગ પ્રવર્તાવ્યો હોય. કામ પ્રદિપ્ત થાય તેવા શાસ્ત્રો વાચી મનુષ્યોને મોહ ઉપજાવ્યા હોય, ઇત્યાદિક અનર્થ દડ લાગ્યા હોય, ચોરી કરાવા ચિત્ત પ્રવર્તાવ્યુ હોય, મ્હોટા પલ્લીપતિના સાથમાં જઈ અનેક પ્રપંચ રમી પ્રજાનુ ધન લુટયુ. તીક્ષણબાણ કર્ણાટક સુધી ખેચી વૈરીના હૃદય ભેદી

આપણો પ્રતાપ વિસ્તારશું, અનેક ગામ નગરપુર પાટણ બાળી લોકની સર્વ સંપદા લુટશું. ઈત્યાદિક ચોર્યોનું બધી રૌદ્રધ્યાન કરવે કરી અનર્થા દંડ લાગ્યા હોય.

આપણા બળ પ્રાક્રમે કરી પ્રાથ્વમાંહી ઘણા કુળોને સંહારી મ્હોટા ગઢ ત્રોડી આણા પ્રવર્તાવશુ મ્હોટા સમુદ્રો તરી પ્રથ્વીપતિ થશું. મહંત દુર્દંતના માનમર્દી તેહના મસ્તકપર પગ મૂકી આપણો પ્રતાપ પ્રગટ કરીશું, સર્વ ભૂમીનો રાજા થઈ રાજ ભોગવીશું. એહવા અનેક પ્રકારના પ્રરિગ્રહા આશ્રી રૈદ્રધ્યાને વિકલ્પ કરતા અનર્થા દંડ લાગ્યા હોય, ઇત્યાદિક આર્તરૈદ્રધ્યાનવડે મહા કનીષ્ટ કર્મ માઠી લેશ્યાવડે માહરે જીવે જન્મથી માંડી આજ દિનપર્યંત જે જે જાતના અનર્થાદંડ છે તે માહેલો કોઈ પણ અનર્થા દંડ ધ્યાયો હોય તો અનત સિદ્ધ ભગવતની સાખે તસ્સમિછામીદુક્કડ.

જાતી રૂપ કુળાદિકના મદે ઉદ્ધત્ત થઇ, આગલ્યા હિનબુદ્ધિ રૂપમનુષ્યો કરૂપ કુબડાદિકને દેખી તેની હાસી મસ્કરી કરી હોય, દુગંછા કીધી હોય. સાધુ સાધવીના મલીન વસ્ત્રા દેખી સુગ આણી હોય, અનતાનુબંધી કષાય રાખ્યો હોય માહા મોહનીયકર્મ બંધાય તેવા ત્રીશ સ્થાનક સેવ્યા સેવરાવ્યા અને સેવતા પ્રત્યે ભલા જાણ્યા હોય તો અનત સિદ્ધ ભગવાનની શાખે માહરે મીછામીદુક્કડં.

નવમા વ્રતની આલોચણા.

નવમુ સામાયિક વ્રત લીધા બાદ મન માઠું એટલે પાપ કારી કર્તવ્ય કરવા પ્રવર્ત્યું હોય, વચનવડે કરી પાપકારી કામ બતાવ્યું હોય, કાયાવડે કરી પાપ કર્યું હોય, સામાયિક કીધુ છે, છતાં બરોબર કોધુ કે નહીં તેનો ઉપયોગ રહ્યો ન હોય તો, સામાયિક પુરૂં

થયા વિના પાલ્યુ હોય તથા સામાયિકમાં સમતા ભાવરાખી આ-ત્મ ઉપયોગ જોડી જ્ઞાન, દર્શન, ચારિત્રમાં રમણ કરવુ જોઇએ, છતાં શુદ્ધ ઉપયોગ જોડાણો ન હોય ને સ્ત્રીકથા ભત્ત (ખાવા પી-વાની) કથા, દેશકથા, અને રાજ્ય કથા કરી, કષાયમાં પ્રવર્ત્યો હોય તો અરિહત સિદ્ધ કેવલિ ભગવાનની સાખે તસ્સમિચ્છામિ દુક્કડં એટલે ખોટુ કીધેલુ નીષ્ફળ થાઓ.

દશમા વ્રતની આલોયણા.

દસમા વ્રતના પચ અતિચાર જે પોતે હમેશને માટે જે જે બધો કરેલ છે તે હદ ઉપરાંતથી કાઇ પણ વસ્તુ મગાવી ઉપભોગ કીધો હોય ચાકરને મોકલી વસ્તુ મગાવી હોય, સાદ કરીને હદ ઉપરાંતથી બોલાવ્યો હોય, પોતાનુ રૂપ બતાવીને બોલાવ્યો હોય, કાંકરી પ્રમુખ નાખી બોલાવ્યો હોય, દશમાં વ્રતમાં પોતે જે મર્યાદા કરી છે તે ઉપરાત બાહેરના મનુષ્યને હદ બાહેરથી બોલાવી કામકાજ કરાવ્યુ હોય, ને દશમા વ્રતમાં દોષ લાગ્યા હોય તો અનત સિદ્ધ કેવળી ભગવાનની સાખે તસ્સમિચ્છામિ દુક્કડ એટલે ખોટુ કીધુ નિષ્ફળ થાઓ.

અગ્યારમા વ્રતની આલોયણા.

અગીયારમુ પ્રતીપૂર્ણું પોષધ વ્રત (એટલે આજ સવારે લીધુ તે બીજા દીનની સવાર સુધીનું સમજવુ) પોષધવ્રત લેવુ હોય ત્યારે પલગ માહેથી ઉઠી ફક્ત એક શરીર સબધી એટલે (દસ્ત)નું કામ નીવારવુ તે વાત ન્યારી છે, પરતુ બીજુ કાઇ પણ કામ કરવું જ નહી પોષધવ્રતને વિષે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો. બ્રહ્મચર્ય પાળવુ. પુષ્પમાળા. અલકાર. ચદનાદિકનુ લેપન. ધરાણું.

સસ્ત્ર. વિગેરે કાંઈજ ન રાખવા. ફક્ત સ્ત્રીઓને પોતાનાં સૌભાગ્ય ચિન્હ રાખવા તે વાત ન્યારી છે, પણ બીજી સ્ત્રીઓએ તથા પુરૂષોએ કોઇ પણ જાતનું ઘરાણું નજ પ્હેરવું. નીકળી શકે તેટલુ અવશ્ય કાઢવું. તે વ્રતના પાચ અતિચાર જેવા કે લુગડાદિક બરોબર તપાશીને જોયા ન હોય અને જોયા તો માઠી રીતે જોયા હોય, પાટય સેજયા પથારી વિગેરે જોયુ તો માડી રીતે જોયુ અથવા દુષ્ટ રીતે પૂજ્યુ હોય. દિશા માત્રા (પેશાબ)ની જગ્યાને બરોબર પોંજી ન હોય. અને પોંજી કયાંય અને પરઠવે કયાંઇક અને પોંજે કયાંઈક અથવા દૃષ્ટ રીતે પોંજી હોય તથા પોષધવ્રતના અઢાર દોષ જેવાકે. પોષા નીમીતે શરીરની શોભા સારૂ હજામત કરાવવી, નખ ઉતરાવવા સ્નાન કીધુ હોય. ૧ બ્રહ્મચર્ય પાળ્યુ ન હોય ૨ સરસ અહાર કર્યો હોય ૩. વસ્ત્રો ધોવરાવ્યા હોય. ૪ આભ્રણો પ્હેર્યા હોય. ૫ વધારે ખાધુ હોય. ૬ (આ બોલ પોષધ કરવો હોય તેને આગલે દીવસે વર્જવાના છે) ૭, (પોષધ લીધાપછી,) અવ્રતીનીવયાવચ્ચ કરી હોય ૮ શરીરનુ સુશ્રુખા કરી હોય ૯ મેલ ઉતાર્યો હોય ૧૦ ઘણી નીદ્રા કીધી હોય. ૧૧ પુજ્યા વિના ખણ્યુ હોય ૧૨ ચાર વિકથ કરી હોય ૧૩ પારકી નીંદ્યા કરી હોય. ૧૪ સંસારી ચરચા કરી હોય ૧૫ અંગ ઉપાગ વિકાર બુદ્ધિએ નીરખ્યા હોય ૧૬ વેપાર ની વાતો કરી હોય ૧૭ ઉઘાડે મુખે બોલ્યા હોય ૧૮ પરજીવોને ભય ઉપજાવ્યો હોય. વિગેરે પ્રમાદ શેવ્યો હોય ને પાપ લાગ્યુ હોય તો કેવલીભગવાનની સાખે મહારે મિચ્છામિદુક્કડં–ખોટુ નિષ્ફલ થજો

બારમું વ્રત આલોવવું.

બારમુ અતિથી (જેને માટે મુકરર કરેલ નથી તિથી તે) સંવિ-

ભાગ એટલે પોતાના આહાર માંહેથી આપવુ તે વ્રત સાધુ મહાપુરૂષને અમનોજ્ઞ અહારાદિક આપવે કરી દોષ લાગ્યા હોય. અહિં એમ ન સમજવુ કે સાધુજીને અમનોજ્ઞ અહારાદિક ન અપાય. માટે સારા સારા આહારાદિક બનાવી આપીએ તો દોષ ન લાગે. ના, તેવુ સમજસો નહી. કેમકે ભગવતીજી તથા ઠાણાગજી સૂત્ર મધ્યે કહ્યુ છે કે સારો સારો અહાર બનાવી આપવાથી તો નર્કાધિકારી થવાય છે. અને તમારો આપેલો માલ રાખમા અને અગ્નિમા ઘૃત રેડવારૂપ થાય છે. અને દુર્ગતિરૂપ દડ મળે તે જુદોજ, અને સયમીયોના સયમ લૂટનારા તરીકે તમો ગણાવ છો, માટે તેવો આહાર નહી આપવો; પરતુ પોતાના બાળ બચ્ચા માટે જે આહાર નીષ્પન્ન થએલ હોય તેમાથી વધારે હોય તો આપવો પણ પોતાને ઓછુ પડે ને ફરી આરભ કરી બનાવવો પડે તેમ હોય તો નજ આપવો. પણ અમનોજ્ઞ આહારનો અર્થ અહિ એમ સમજવો કે નાગેશ્રી એ ધર્મરૂચી અણગારને ઉકરડા રૂપ માની કડવાતુબાનો આહાર આપ્યો તેવી રીતે અયોગ્ય આહાર ન આપવો છતા અપાણો હોય. સ્નેહ પ્રતિબધપણે અન્ન પાણી સાધુની નેશરાએ આધાકર્મિયાદિક દુષ્ટ દોષ લગાડી દીધા હોય. સયમી સાધુ પોતાને ઘેર આવ્યા થકા અપમાન કર્યા હોય દેતા મન દુહવાણુ હોય, છતી જોગવાઈ એ ના કીધી હોય. સ્નેહ ભાવે જાણી અસુઝતુ દિધુ હોય જમવા અવસરે સાધુ ચિતવના વિસારી હોય પોતે સુઝતો હોવા છતા પરને વ્હોરાવવાનો આદેશ આપ્યો હોય. દાન દઇ અહકાર કીધો હોય જે [૧]સાધુને તો અમારે ઘેરથીજ સર્વ વસ્તુઓની જોગવાઇ મળે છે પણ બીજેથી મળતીજ નથી, એમ સ્વશ્લાઘા કરીને પરનીંદા કરી હોય ને બારમા વ્રતમાંહી જે કોઈ દુષ્ટ દોષ આજ દીન

પર્યંત લાગ્યા હોય તો અનંત સિદ્ધ કેવલી ભગવાનની સાખે તસ્સ-મિચ્છામિદુક્કડં ખોટુ કીધુ સર્વ નિષ્ફળ થાઓ.

સલેહણાના પાઠની આલોયણા.

સંલેખણાતપ. તેમાંહી નિદાનાદિક અતિચાર લાગ્યા હોય તેં-ઓલોવું છુ. આ લોકની વાંચ્છા જે ચક્રવર્ત્તિ. વાશુદેવ રાજા શેઠા-દીકની પદવી પામી ભોગવીલાસ કરૂં એવો ચીતવના કરી હોય. પરલોકની વાંચ્છા જે મહર્ધિક દેવતા ઇંદ્ર, ઇંદ્રાણી વિગેરેની પદવી પામું તપ સલેખણામા માનતા પુજા ખુબ પામવાથી વિશેષ જી-વવાની આશા કરી હોય તપ સલેખણામાં પૂર્ણ હવે દુ ખ પડે છે માટે જલદી મૃત્યુ થાય તો ઠીક એમ ચિતવ્યુ હોય તથા મરણાંત લગે કામ ભોગની ઇચ્છા કરી હોય. ઇત્યાદિક તપ સલેખણામાં જે કોઈ દુષ્ટ દોષ લાગ્યા હોય તો માહરે અનત સિદ્ધ કેવલી ભગવા-નની સાખે તસ્સ મિચ્છામિદુક્કડં.

અઢાર, પાપસ્થાનક આલોવવા.

પ્રાણાતિપાત એટલે જીવહીસ્યાઓ કીધી હોય, મૃષાવાદ એટલે જુઠુ બોલ્યા હોઇએ. ચોરીયો કીધી હોય. કુશિલ (અબ્રહ્મ) શેવ્યો હોય. પરિગ્રહ મેળવ્યો હોય. ક્રોધ કર્યો હોય અહકાર ગર્વ મદ કર્યો હોય. માયા કપટ કર્યુ હોય. લોભ (તૃ'ણા) કર્યો હોય સ્રી આદિક ઉપર પ્રેમ. રાગ. સ્નેહ ધર્યો હોય. પરજીવ વિગેરે અનિષ્ટ પદાર્થ ઉપર દ્વેષ કર્યો હોય. કલેશ કર્યો હોય. પરજીવને કુડા કલંક દીધા હોય પારકી ચાડી કીધી હોય. અવર્ણાવાદ બોલ્યા હોય, અસ-યમને વિષે રતિવેદી હોય. અને સયમને વિષે અરતિવેદી હોય. માયા

સહિત મૃષા બોલ્યો હોય. કુગુરૂ. કુદેવ. કુધર્મ. નાસહ્ન રાખ્યા હોય એ અઢારે પાપના સ્થાનકો શેવ્યા હોય. શેવરાવ્યા હોય શેવતા પ્રતે ભલા જાણ્યા હોય તો અનતસિદ્ધ કેવલી ભગવાનની સાખે તસ્સ મિચ્છામિદુક્કડ ખોટુ કીધુ નિષ્ફલ થાઓ.

પાચ ઇંદ્રીને વિષે ચાર કષાયવસે દુષ્ટ અધ્યવસાયવડે રાગે કરી. દ્રૂષે કરી મલીન પરિણામે કરી આજ દિન પર્યંત જે જે મેં પાપ કર્યું અન્ય પાસે કરાવ્યુ તથા અન્ય જીવોને કરતા મે ભલુ જાણ્યુ હોય તે સર્વ માહરે અનતસિદ્ધ ભગવાન કેવલીની સાખે મિચ્છામિદુક્કડ એટલે ખોટુ કીધુ નિષ્ફલ થાઓ.

ધર્મ સ્વરૂપ પ્રવર્તક પુરૂષોને નમસ્કાર કરવો અને તે શુદ્ધ ધર્મ ગ્રહણ કરનાર શીષ્યનું સ્વરૂપ.

નમો ચોવીશે તિર્થંકર જે રૂષભાદિકથી માંડીને માહાવીર વર્દ્ધમાન સ્વામી પર્યંત સર્વ તિર્થંકરને માહરો નમસ્કાર હોજો એનિ ગ્રથ પ્રવચન સાધુનો ધર્મ તિર્થંકર દેવે ભાખ્યો તે સાચો છે. અનુતર પ્રધાન એહ થકી અનેરો કોઈ ધર્મ આ અવનીમા નથી, સકળ ગુણ સહીત કૈવલ્ય જ્ઞાનીનો ભાષીત ધર્મ ન્યાયકારક કર્મ કલેશ ટાળી મુક્તિપદનો દેણહારો છે એહવો સદેહ રહિત નિર્મળ માર્ગ મિથ્યાત્વાદિક અભ્યતર સલ્યનો કાપણુહારો ખરેખર મોક્ષ પામવાનો માર્ગ આ દયામય છે એહવો યથાતથ્ય વિતરાગ દેવે ભાખ્યો. સદેહ રહીત માર્ગ સર્વ દુખ જે જન્મ. જરા. મરણ. ગર્ભવાસાદિક દુખનો ટાળણુહારો છે. એહવો જે દયામય ધર્મ છે તે સર્વ શારીરી માનસી. દુખને દુર કરવાવાળો છે. એવો અપૂર્વ ધર્મ કેવલી ભાંષીત. દયા. અને વિનય મૂળ માર્ગ ને હવે હુ નિર્મળ ભાવે

સર્દહુ છુ. પ્રતિત આણુ છુ. અતકરણુ શુદ્ધે રોચવું છું સ્ફર્શનાએ કરી સ્પર્શુ છુ એ ધર્મ આદરી સમ્યકત્વ પ્રકારે પાળુછું. વળી વિ. શેષે પળાવતો થકો હુ ઉદ્યમવત થયો છુ. એ દયારૂપ ધર્મ ને આરાધવાને કાજે વિરમ્યો છું વિરાધનાને માટે, સર્વ દિવસ રાત્રી સબંધી મે જે દોષ ચિતવ્યો હોય. દુષ્ટ ભાંખ્યુ હોય. કાયાએ દુષ્ટ કર્યું હોય, તે સર્વ કેવલી ભગવાનની સાખે માહરે તસ્સ મિચ્છામિદુક્કડ.

વદામીજીન્ન ચોવિસ ચોવીશે જીનને નમસ્કાર કરી ઇણુઅ- ઢીદ્વીપ માહે સાધુમુનીરાજ રયહરણુ પાત્ર કેશરીયો મુહુપતિ નાધર- ણુહારા પચમહાવ્રતધારી અઢારહજાર સિલાંગરથ બ્રહ્મચર્યના ધરણુહારા સત્યાવીશ ગુણધારક પચસુમતિ ત્રણગુપ્તી.વિશુધવિહારી, ભયરહીત, મદરહીત, બાર ભેદે તપ કરનાર, અતઆહારી. પાંતઆહારી, અરશ વિરશ આહારી, અત પાંતજીવી, લુહજીવી, તુચ્છજીવી, ઉપશાંતજીવી, પસતજીવી, સર્વરશ સ્પર્શત્યાગી છકાયના રક્ષક છકાયના નાથ. નિ- લૉભી વાયરાની પેરે અપ્રતિબધ વીહારી, વિતરાગ દેવની આજ્ઞા પાલક, અખંડ આચારના પાળનાર. અણગાર એ આદી અનેક ગુણુ ધારક, સકળ સાધુજીને માહરો નમસ્કાર હોજો.

અઢીદ્વીપ માહી. અઢીદ્વીપબાહિર અસખ્યાતા શ્રાવક શ્રાવીકા. નવતત્વના જાણ. સૂત્ર સિદ્ધાતના જાણનાર. પોષાપ્રતિક્રમણુના કર- નાર મુજ થકી અધિક ગુણવત છે. ભગવતે સકાર્યા છે. સાણુ કો- શાયા. અમચ્છરીયા. દુખી જીવને અનુકપાના કરનાર પરધન પથ્થર કરી જાણે- પરસ્ત્રી માતા અને બ્હેન તુલ્ય ગણે છે. એહવા શ્રાવ- કજીને વારમવાર વાંદી ખમાવું છુ.

સાધુ સાધવીને વાંદી ખમાવું છું. શ્રાવક શ્રાવિકાઓને ખમાવુ છુ. સમ્યક્દ્રષ્ટી જીવોને ખમાવુ છું, બાઇ ભાઈને ખમાવું છુ. માહરા ધર્મ ઉપગારી સર્વને ખમાવુ છું. ચોરાશીલાખ જીવાયોનીને ખમાવુ છું તે. સાત લાખ પૃથ્વીકાય સાતલાખ અપકાય. સાતલાખ તેઉકાય. સાતલાખ વાઉકાય, દશલાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદલાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઇંદ્રી, બે લાખ તેંઇંદ્રી, બેલાખ ચૌરદ્રી, ચારલાખ નારકી, ચારલાખ તિર્યંચ, ચારલાખ દેવતા. ચોદલાખ મનુષ્યની જાતી, એ સર્વ મળી ચોરાશી લક્ષ જીવાયોનીના જીવને માહરે જીવે હણ્યા હોય. હણાવ્યા હોય. હણુતા પ્રત્યે અનુમોદ્યા (ભલા) જાણ્યા હોય, પરિતાપના કીલામના ઉપજાવી હોય મન, વચન, કાયાએ કરી જોગ માઠા પ્રવર્તાવ્યા હોય. બાધા પીડા ઉપજાવી હોય તો તે સર્વ જીવોને વારવાર ખમાવુછુ. અર્થાત્ માફી માગુ છું.

યત:—ખામેમિસવ્વે જીવા, સવે જીવાવિખમંતુમે;
મિતિમે સવ્વભૂએસુ, વેરમઝ્ઝુન કેણઇ ૧.
એવમહ આલોઇય, નિદિય ગરહીય દુગછિય,
સવ્વંતિવિહેણ પડિકંત્તો, વદામિજીણચોવિસ. ૨.

અર્થ:—ખમાવુછું સર્વ જીવને. સર્વ જીવો માહરો અપરાધ ક્ષમા કરજો, મિત્રાઇ છે મહારે, સર્વ જીવ સાથે, વેર દુસ્મનાઈ મહારે કોઈ સાથે નથી, એ પ્રકારે હું કહુછું નિદ્યા કરૂછું. ખોટું કીધુ તેની ગરહા કરૂંછુ એટલે એ મેં ખોટુ કીધુ એમ કહુંછું. આજ સુદ્ધિ મેં જે મન-વચન-કમણાવડે પાપ કીધા તેનું પ્રાયશ્ચિત કરૂછું. ચતુર્વિંસતિ તિર્થંકર દેવની શાક્ષીએ સર્વ જીવો મારો અપરાધ ક્ષમા કરજો.

ઉપલી બે ગાથામાં અત્યંત ગૌરવ સમાએલુ છે, પવિત્ર જૈન ધર્મની ઉંચા પ્રકારની ફીલસુફીની વાનગીરૂપ એ ગાથા છે, ટુંકામાં આખા પ્રતિક્રમણ સૂત્રનો સઘળો આધાર ઉપલી ગાથા ઉપરજ રહેલો છે. અને નિર્મળ હૃદયવાળાં ચતુરવિધ સઘમાંના દરેક આત્માએ તેનો અર્થ સપૂર્ણપણે સમજવા જેવો છે. મન, વચન અને કમણાએ કરી કરે નહી કરાવે નહી અને કરતાને ભલુ માને નહીં. એમ નવ કોટીએ વરતનાર સરધનાર ભલા આત્માને તે ખરેખર ક્ષણભગુર. સસાર સમુદ્રમા ડુબતા અટકાવનારી. પર, આત્માને સુખરૂપ નિવડનારી. મજબુત મનવારના. સાવધ અને બહાદુર કેપ્ટન, રૂપ નિવડી નિર્વીઘ્નપણે મોક્ષરૂપ નગરીને વિષે પ્હોંચાડી, અનંત આત્મીક સુખ આપી અનાદીકાળથી, આ, અતે દુખરૂપ નિાડનારા ક્ષણીક સસારના પુદ્ગલીક, લેશભર માત્ર નામના સુખનો નાશ કરે છે, તેવા પવિત્ર સૂત્રને વાચન મનન અને નિદીધ્યાસન (વાચન–પૂછન–અને પરિયટનારૂપ) ત્રણે યોગથી, અતકરણને વિષે જમાવી પ્રતિતિ લાવી અન્ય પ્રાણી માત્રને પોતાના પ્રાણની સાથે સરખાવી, સર્વ પ્રાણી માત્રને પોતાના જેટલુજ દુખ થતુ હશે. તેવો નિશ્ચય કરી એકેન્દ્રિથી માંડીને ઉચામા ઉચી હદના મનુષ્ય પચેદ્રીય ત્યા સ્વર્ગના સુખ અનુભવનારા દેવ, દેવી, વીગેરે સર્વ પ્રાણીને પોતાના મિત્રસમાન માની સભાવ આદરવો,

ઉપલો મહાન્ સભાવ ગુણ ધારણ કર્યા છતા બિનસ્વાર્થે પરાધિનપણે અજાણપણે અન્ય પ્રાણીની વિરાધના (હીસ્યા) થઇ હોય તો દેવ. ગુરૂ અને, ધર્મ જેવા પવિત્ર ત્રિપૂટીના યોગથી તે જીવોની ક્ષમા ઇચ્છવી.

સુજ્ઞજનથી થએલા. પરવશ પણાના ગુન્હાની માફી ઇચ્છા માગ્યા પછી, તે મહાશયથી ફરી ફરી તેવા ગુન્હા પોતાના હાથે ન થાય અને પૂનઃ પૂન. માફી (આલોચના) નહી કરવી પડે તે ખાતર પવિત્ર ધર્મના રક્ષકદેવોને પ્રાર્થના કરે છે કે. તેવા ગુન્હા પોતાનાથી થતા અટકે.

પ્રચલિત કાળમાં, પવિત્ર પર્યુષણ પર્વના, પારણાના દિવશે લોક સ્નેહી મડળના ઘરે ઘરે ફરી "મિચ્છામિ દુક્કડ" (લખાવવાનુ) કહી આવ્યાથી, ગત વર્ષમાં, જાણીબુઝીને કરેલા પાપ બંધનથી મુક્ત થઇએ છીએ તેવું માનવુ છે, પરતુ તેવી માન્યતા. તેઓની કેવળ ભુલ ભરેલી છે, ઉપરની ગાથાના ભાવાર્થમાથી સત્યવાત તો એ નિકળે છે કે જે જે પ્રાણીની સાથે માત્ર વચનથીજ નહી પણ મન, વચન, અને, કાયાથી, સ્વઇચ્છાએ, અથવા ભુલને પાત્ર થઇ જે ગુન્હા કર્યા છે. તે ભલે ? પોતાના કુટબનો હોય, અથવા, પરાયા કું-ટુબનો હોય ભલે સ્વધર્મિહોય, અગર, અન્યધર્મનો ઉપાશક હોય. ભલે, રક અથવા રાજા હોય, અને, ભલે–કોળી અથવા ભીલ હોય. તેવા સર્વ પ્રાણી પાસે, માફી માગવાનો ઉપલી પવિત્ર ગાથાનો ભા-વાર્થ નીકળે છે, માટે પ્રચલીત કાળના રીવાજ મુજબ સગા સ્નેહીને ઘરે ઘરે ફરી આવ્યાથી, કરેલ પાપનુ પ્રલયપણુ થતુ નથી. પણ તે તો માત્ર દેશનો વ્હેવાર છે, તેમજ માનવાનુ છે. પારણાને દીવશે આખી જૈન કોમમાં ખમત ખામણાના કાગળો લખવાના પ્રચલિત રીવા-જથી નાહક હજારો રૂપીયાનુ ખર્ચ આખી કોમજે ભોગવે છે, તેટલુજ માત્ર જો–જીવ દયામા–કે **જ્ઞાનદાનમાં,** વાપરતા હોયતો અનહદ લાભ થાય, માટે તે પવિત્ર ગાથાને વાચણા, પુછણા. પરિય-

ટણા કરી પવિત્ર ધર્મના ફરમાન મુજબ શુદ્ધ ઉપયોગ સર્વ પ્રાણી પોતાની મેળે કરી શકે. તેવી શક્તિ શાસન રક્ષક દેવો સર્વને બક્ષે તેવી પ્રાર્થના છે.

ઇતિ. સુજ્ઞેષુ કિંબહુના. અસ્તુ.

(રાગ.) વૈદરભીવનમાં વલવલે.

શુરે ભર્યું આ શરીરમાં, દિવ્ય ચક્ષુથી દેખ.
પુછ પડીત પુરાણીને, હાજી, કાજી શેખ, શુરે. ૧
હાડ તણુ તેછે પિંજરૂ, શિંચે નાડી રૂધીર;
ચર્મ જડયુ તેહ ઉપરે, જોને વિચારી વીર, શુરે, ૨
માસ મજ્જા, લાળ લીંટને, લાબુ આંતરડુ એક.
ચરબીને બળખા ભર્યા, ભરી બદલો વિસેક, શુરે. ૩
રોમ રાય ગણ્યા જ્ઞાનીએ, સાડા ત્રણ કરોડ,
પોણા બે રોગ પ્રત્યેકમાં, તોય છુટે ન મોડ શુરે. ૪
દુર્ગંધ દેખી મુખને, મરડે અવળુ હમેશ,
સ્વદેહ માહી શુ ભર્યું, ધર ધ્યાન તુ લેશ, શુરે. ૫
દુધ સાકર ધૃતનિત્ય જમે, ભિન્ન ભિન્ન પકવાન.
દેહ શગે વિણસે સહી, તોય આવે ન શાન, શુરે. ૬
ગદી કાયાનુ તુ બહુ કરે, અહો નિશ જતન.
તેથી અલગ થઇ એકલુ, તારે જાવું વતન, શુરે ૭
મુદ્રિકા વિણુ દેખી આગૂલી, થયુ પુદ્ગલનુ ભાન,
ભરતને આરિશાભુવનમાં, ઉપજયુ કેવળ જ્ઞાન, શુરે. ૮
સમજ શાણા હવે બહુ થયુ, મુક દેશ અભિમાન,
"નવિન" બીજુ ઔષધ નથી, રત્ન ત્રય સમાન. શુરે. ૯

જીવરાજ શેઠ (જીવ)ની મુસાફરી.

ઈડર આંબા આંબલીરે. (એ રાગ)

શીવરાજ શેઠનો પુત્રજીરે, જીવરાજ નામે તું જાણ.
શિખામણ શાર શિખવેરે, ગ્રહી રાખજે ગુણ ખાણરે,
પ્રાણી. શ્યારે દઈશ જવાબ.—એ ટેક—૧.
રસ્તો વિકટ ભવારણ તણોરે, નદિ નાળા ગિરી ઠાણ=
સોસવે ભવ સમુદ્રમાંરે, મઘર મચ્છ મહિરાણરે. પ્રાણી. ૨
ગુરૂ ગિરવાને પુછનેરે, કરજો કામ ઉદાર,
મૃત્યુલોકમામનવશ્ય કર્યેરે, ઉતરશ્યો ભવ પારરે; પ્રાણી ૩
વેપાર કરજો વિવેકથીરે, દલાલ દક્ષને શગ.
મુની દલાલ મળ્યા વિનારે, નક્કી નર્ક નડે અંગરે, પ્રાણી. ૪
શિખામણ શુભએ ગ્રહીરે, નમિ બેઠો જીવ નાવ.
મધ્ય સમુદ્રે મોહનોરે, દાબવા ફાવ્યો દાવરે; પ્રાણી. ૫
તુરંગ તુર્તમાં તે તણારે, ફેરવી વારવાર,
સમુદ્ર છોડી નેહેરમાંરે, પેઠો પાપી તે ઠારરે પ્રાણી. ૬
નાળ નારીની નિરખ્યનેરે, મુઝાણો મહિ રાણ;
સાર શિખામણ ભૂલિયોરે, ગુરૂ મુકયા ગુણ ખાણરે, પ્રાણી. ૭
અશુચિસ્થાનમાં આયનેરે, ભોગવ્યા ભારેરે દુઃખ.
કેતા કાય કંપે ઘણીરે, સ્વપ્ને ન પામ્યો સુખરે, પ્રાણી. ૮
માસ નવ મંદિર રહોરે, આવ્યો યોનીને દ્વાર;
તાર માફક ખેંચી તે ગથીરે, કાઢયો ઐસરજણ હારરે, પ્રાણી. ૯
સૂઈ ઉઠ કોડી સામટીરે, ચાંપે વપુઃ મોઝાર.
અથી અનંત ગુણી અતિરે, વેદના વેદી અપારરે, પ્રાણી. ૧૦
બચ્ચ પણે બહુ અજ્ઞથીરે, ભોગવ્યા ભારેરે દુઃખ,

પૂર્વના પુન્યે પામીઓરે, ચોવન આવતા સુખરે, પ્રાણી, ૧૧
વિકાર યોવને વાધતારે, જોવે જુવતીઓ જાય.
ઈંદ્રી અણુવશ્ય આવતારે, તરૂણી પ્રણુતો ત્યાંયરે-પ્રાણી. ૧૨
પ્રવતિ નારીના પાસમારે, પડતા પામ્યો પ્રમોદ,
તેહ ત્રીયા શગે થયારે, સુત સુતા શુવિનોદરે. પ્રાણી ૧૩
ક્રુર ક્રોધ માન થયારે, માયા લોભ તૃષ્ણા આય.
કુડ કપટ બહુ કેળવીરે, ઉમર આખી ગુમાયરે, પ્રાણી. ૧૪
કાઠીયા તેરના કબજથીરે. મ્હાલતો મધ્ય બજાર,
અવસર એહી આવી મળ્યારે, દલાલ દક્ષમુની ધારરે. પ્રાણી. ૧૫
પ્રમાદે પડયો પેખ્યનેરે, મુની બોલ્યા મત્તિ વત,
ખરી ખબર લેવા તુમ કનેરે, આવ્યો અધિક આણી ખતરે, ૧૬
આચર્ણુ અવળા આદરીરે, ગુમાવ્યો ગાંઠનો ગ્રથ
મોહ રાજાના શગથીરે, વખ્ત ગુમાવ્યા વ્યર્થરે, પ્રાણી ૧૭
પ્રવતીના પ્રેમથારે, કીધા કર્મ કરૂર,
તેહ તજી કર્મ તોડવારે, નિવૃતી વર્યે વાધે નુરરે. પ્રાણી. ૧૮
પુદ્દગલશગમા પચરહ્યારે, ચેત ચેતન નિરાધાર,
અવશર મળવો આ દોહીલોરે, કહુ હુ કેટલુ યારરે, પ્રાણી. ૧૯
મૂઢે મુની વાણી શુણીરે, બોલ્યા નેણ તેવાર,
ઉપકાર માની એ સમેરે બલવત થયો બલીહારરે પ્રાણી. ૨૦
શિક્ષા શુભએ ધારીનેરે, નિવતી પરણ્યો એ નાર.
નારી નીવતીના અગથીરે, સુત જમ્યા શુભ શારરે, પ્રાણી ૨૧
શાત ભક્તિ શુભ નાણુથીરે, ધર્મમાં ધીર્ય એ લાય,
ક્ષમા ખડગે કર્મ ચુર્યનેરે, મુક્તિ મ્હેલ માંહી આયરે, ૨૨
શીવરાજ શેઠને વિનવ્યોરે, કર્મ કઠીણુ મે કીધ.

સત દલાલ સહાયથીરે, અમ્રત અધિક પીધરે. પ્રાણી. ૨૩
ભવાબ્ધી ભવ ભટકતારે, પકડે સંતના પાણ,
દુર્ગત દાટી શીવ દીયેરે, નેહે આપે નિરવાણરે, પ્રાણી. ૨૪
ગચ્છ પતિ ગુણ આગળારે, પુજ્ય પવિત્ર પ્રમાણ,
મોહનલાલજી માનજોરે, નથમલ ગુરૂગુણ ખાણરે પ્રાણી. ૨૫
પાલણપુર પેખતારે, આનંદ ઉપજ્યો અપાર,
શ્રાવક સરલ સ્વભાવીયારે, ધર્મમા વીર્ય ધરનારરે, પ્રાણી. ૨૬
જ્ઞાન દાન ગુણથી દઇરે, પ્રમાર્થે ધરતાપાય,
ઇત્યાદિક ગુણ અતિ ઘણારે, ગણતા નવ ગણાયરે, પ્રાણી. ૨૭
પાલણપુરમાં પ્રેમથીરે, જુકતે શુ જોડી આઢાળ.
શશી નીધિ વ્યસનખગમાંરે, કહે મુની **મણિલાલરે**, પ્રાણી. ૨૮
ભણુતા ગણુતા ભાવથીરે, હોજો ક્રોડ કલ્યાણ
લક્ષ્મી સુખ લીલા વધારે, અવિચળ મ્હારી આ વારરે. ૨૯

સંપૂર્ણ.